RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર


MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-210 ■ DATE : 18-12-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


**સુવિચાર**

ઈશ્વર માનવી ને લાયકાત કરતાં વધારે સુખ નથી આપતો, પણ સહનશક્તિ કરતાં વધારે દુ:ખ પણ આપતો નથી...




નવા થોરાળા વિસ્તારમાં મોડી રાત્રે અજાણી મહિલાની ચહલપહલથી લોકો ભયભીત...! P-4


## ટ્રમ્પની H-1B વિઝા પર લાદેલી આકરી ફીના કારણે ભારતીય આઈટી ઉદ્યોગ ચિંતિત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે H-1B વર્ક વિઝા માટે જાહેર કરેલી નવી ૧ લાખ ડોલર(લગભગ ૯૦ લાખ રૂપિયા)ની ફીએ ભારતના આઈટી અને આઈટી સક્ષમ સેવા ઉદ્યોગમાં ભારે ચિંતા સર્જી છે. H-1B વિઝા પર મોટી સંખ્યામાં કુશળ ભારતીય કર્મચારીઓ અમેરિકા મોકલનાર ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ઇન્ફોસિસ, વિપ્રો અને કોગ્નિઝન્ટ જેવી કંપનીઓને આ પગલું ખાસ અસર કરે એમ છે. આ ફેરફારને લીધે કંપનીઓ પર તાત્કાલિક અને લાંબા ગાળાની કેવી અસરો થશે અને ભારતીય આઈટી ઉદ્યોગના ભવિષ્ય પર એની કેવી અસર પડશે, એ સમજીએ.






H-1B વિઝા એ એક બિન-સ્થાયી રોજગારી વિઝા છે, જે અમેરિકન કંપનીઓને વિશેષ ક્ષેત્રમાં સ્નાતક અથવા તેનાથી ઊંચી ડિગ્રી ધરાવતા વિદેશી કામદારોને નોકરી પર રાખવાની મંજૂરી આપે છે. દર વર્ષે અમેરિકા માત્ર ૮૫,૦૦૦ H-1B વિઝા ઈસ્યૂ કરે છે (૬૫,૦૦૦ સામાન્ય અને ૨૦,૦૦૦ ઉચ્ચ ડિગ્રી ધરાવનારા માટે), જેના માટે લાખો અરજીઓ મળે છે અને તેમાં પણ લોટરી પદ્ધતિથી પસંદગી થાય છે.

ટ્રમ્પ વહીવટી તંત્રે દાવો કર્યો છે કે, ઘણી આઈટી સ્ટાફિંગ કંપનીઓ લોટરી જીતવાની સંભાવના વધારવા માટે એક જ ઉમેદવાર માટે એકથી વધુ અરજીઓ કરીને સિસ્ટમનો દુરુપયોગ કરે છે. આ રીતે સિસ્ટમ સ્પામ'થી ઓછી લાયકાત ધરાવતા લોકોને અમેરિકામાં નોકરી મળવાની સંભાવના વધી જાય છે. આ લોકો અમેરિકન કામદારો કરતાં ઓછા પગારે નોકરી સ્વીકારવા તૈયાર હોય છે, જેને લીધે અમેરિકનોને મળવાપાત્ર નોકરી ભારતીયોને મળી જાય છે અને અમેરિકાનું પગાર બજાર પણ નીચું આવી જાય છે, જે અમેરિકનોનું અહિત કરે છે.

એવું પણ કહેવાય છે કે, ૧ લાખ ડોલરનો ફી વધારો કરીને અમેરિકા સુનિશ્ચિત કરવા માંગે છે કે, ફક્ત લાયક ભારતીયોને જ અમેરિકામાં પ્રવેશ મળી શકે, કેમ કે કંપનીઓ આટલી તોતિંગ રકમ ઉચ્ચ-કાર્યક્ષમતા ધરાવતા ઉમેદવાર સિવાય કોઈની પાછળ ખર્ચવા તૈયાર જ ના થાય. આમ કરવાથી અમેરિકાનું પગાર બજાર પણ નીચું નહીં જાય અને સ્થાનિકોને પણ નોકરી મળશે.

## ભારે હોબાળા વચ્ચે 'જી રામ જી' બિલ લોકસભામાં પાસ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સંસદના ચોમાસું સત્ર દરમિયાન ગુરુવારે લોકસભામાં ભારે ધાંધલ-ધમાલ વચ્ચે એક મહત્વપૂર્ણ બિલ પસાર કરવામાં આવ્યું છે. સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલું 'વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) ૨૦૨૫' એટલે કે 'VB-G RAM G' (જી રામ જી) બિલ લોકસભામાં મંજૂર કરી દેવામાં આવ્યું છે. જોકે, આ બિલના વિરોધમાં વિપક્ષે આક્રમક વલણ અપનાવતા ગૃહમાં ભારે હોબાળાની સ્થિતિ સર્જાઈ હતી.

વિપક્ષી દળોએ સરકાર પર ગંભીર આરોપ લગાવ્યો છે કે MGN-REGA (મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી અધિનિયમ) નું નામ બદલીને સરકાર પૂજ્ય બાપુનું અપમાન કરી રહી છે. વિપક્ષનું માનવું છે કે નવા બિલ દ્વારા જૂની યોજનાના જોગવાઈઓને નબળી પાડવામાં આવી રહી છે.

### ગૃહમાં બિલની કોપી ફાડી નાખી હતી

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ આ કાયદાને ગ્રામીણ ભારતના 'કામના અધિકાર' પર હુમલો ગણાવ્યો હતો. વરિષ્ઠ નેતા સોનિયા ગાંધીએ પણ સંસદના મકર દ્વાર પર વિપક્ષી સાંસદો સાથે વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હતો. આ દરમિયાન કેટલાક સાંસદોએ ગૃહમાં બિલની નકલો ફાડી નાખી હતી અને સૂત્રોચ્ચાર કર્યા હતા.

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે સરકારના આ પગલાનો મજબૂત બચાવ કર્યો હતો. તેમણે લોકસભામાં નિવેદન આપતા જણાવ્યું હતું કે, ''મૂળ યોજનામાં મહાત્મા ગાંધીનું નામ વર્ષ ૨૦૦૯ની લોકસભા ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને રાજકીય ફાયદા માટે જોડવામાં આવ્યું હતું.'' તેમણે પ્રિયંકા ગાંધી દ્વારા કરવામાં આવેલી ટીકાઓનો જવાબ આપતા કહ્યું કે, કોંગ્રેસના શાસનમાં માત્ર નેહરુ-ગાંધી પરિવારના નામે જ કલ્યાણકારી યોજનાઓ ચલાવવામાં આવતી હતી. તેમણે ગૃહમાં આવી યોજનાઓની આખી યાદી પણ ગણાવી હતી.

આ બિલ દ્વારા સરકાર ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાને નવું નામ અને નવું માળખું આપી રહી છે. સરકારનો દાવો છે કે આ 'વિકસિત ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે આજીવિકા મિશનને વધુ મજબૂત બનાવશે, જ્યારે વિપક્ષ તેને ઐતિહાસિક યોજનાને ખતમ કરવાનું કાવતરું ગણાવી રહ્યો છે.

### Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૪૬/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૧૬/લીટર |
| CNG | રૂ. ૭૯.૨૬/કિલો |





| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૩૪,૮૯૦ | ₹૨,૦૮,૧૦૦ |
| | +૩૩૦ | +૧૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૯૦.૪૩ | ₹૧૨૦.૮૬ |

## બોલો લ્યો...: ખખડધજ હાઈવે છતાં ગુજરાતમાં ૮૭૦૨ કરોડના ટોલટેક્સનું ઉઘરાણું

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ગુજરાતમાં કેટલાય ઠેકાણે નેશનલ હાઈવે બિસ્માર અવસ્થામાં છે પરિણામે વાહનચાલકોને હેરાનગતિ ભોગવવી પડી રહી છે. ખખડધજ હાઇવે હોવા છતાંય વાહનચાલકો પાસેથી ટોલટેક્સનું ઉઘરાણું કરવામાં આવી રહ્યું છે. રાજ્યમાં છેલ્લાં પાંચ વર્ષમાં ટોલટેક્સ પેટે વાહનચાલકો પાસેથી કુલ મળીને રૂ. ૮૭૦૨ કરોડ જેટલી માતબર રકમ વસૂલાઇ છે.

આ વખતે ભારે વરસાદને કારણે શહેર, જીલ્લા ઉપરાંત હાઈવે પણ ધોવાયા હતા. રસ્તાની દુર્દશાને કારણે સરકાર પર ચારેકોરથી માછલાં ધોવાયા હતા, પરિણામે રાજ્ય સરકારે રસ્તાની મરામતને લઈને આદેશ આપવા પડ્યાં હતાં. એટલુ જ નહી, પ્રભારી મંત્રીઓને મત વિસ્તારમાં દોડાવી રસ્તાઓ વિશે જાણકારી મેળવી રિપોર્ટ કરવા સૂચના આપી હતી.

આ તરફ, વરસાદી પાણીથી નેશનલ હાઇવે પણ બાકાત રહી શક્યા ન હતા. અમદાવાદથી હિંમતનગર સુધી નેશનલ હાઇવે ખખડધજ બન્યો હતો તેમ છતાંય વાહનચાલકો નાછૂટકે ટોલટેક્સ ચૂકવવો પડ્યો હતો. હાઇવેના બિસ્માર હાલતને પગલે છેક દિલ્હી સુધી રજૂઆત થઈ હતી. આખરે ખુદ કેન્દ્રીય મંત્રી નિતિન ગડકરી ગાંધીનગર દોડી આવ્યા હતાં અને બેઠક યોજીને અધિકારીઓને હાઈવેના સમારકામને લઈને સૂચના આપવી પડી હતી.



ગુજરાતમાં હાલ નેશનલ હાઈવે પર કુલ ૬૨ ટોલ છે જ્યાં જીપ-કારથી માંડીને ભારે વાહનો પાસેથી રૂ. ૭૦થી માંડીને રૂ.૫૦૦ સુધી ટોલ ટેક્સ લેવાય છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ગુજરાતમાં વાહનચાલકો પાસેથી રૂ. ૧૧૯૬ કરોડ ટોલટેક્સ વસૂલાયો હતો જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫માં ટોલટેક્સની બમણી વસૂલાત થઈ હતી. આ સમયગાળા દરમિયાન રૂ. ૨૧૧૩ કરોડ ટોલ ટેક્સનું ઉઘરાણું કરાયુ હતું. આ ઉપરાંત જે વાહનચાલકો પાસે ફાસ્ટટેગ ન હતો. તેમની પાસેથી રૂ. ૭૮.૫૮ કરોડ ખંખેરી લેવાયાં હતાં.

ટૂંકમાં, ઉખડખાબડ હાઈવે હોવા છતાંય વાહનચાલકોના પૈસે સરકારી તિજોરી છલકાઈ હતી. નોંધ લેવા જેવી વાત એ છે કે, હાઈવેના નિર્માણ પાછળ જેટલો ખર્ચ થયો છે જેના કરતાં ટોલટેક્સ ઉઘરાવી બમણી વસૂલાત કરાઈ છે. આધુનિકતાની વાતો કરાય છે પણ આજે પણ ગુજરાતમાં ફાસ્ટટેગ હોવા છતાંય ટોલનાકા પર વાહનોની લાંબી કતારો લાગે છે.

## કૌભાંડી મેહુલ ચોક્સીને મોટો ઝટકો, બેલ્જિયમની કોર્ટે પ્રત્યાર્પણ વિરોધી અરજી ફગાવી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હજારો કરોડ રૂપિયાના બેંકિંગ કૌભાંડના મુખ્ય આરોપી અને ભાગેડુ હીરા વેપારી મેહુલ ચોક્સીને વિદેશી ધરતી પરથી ભારત લાવવાના પ્રયાસોને મોટી સફળતા મળી છે. બેલ્જિયમની સર્વોચ્ચ અદાલત, 'કોર્ટ ઓફ કેસેશન' એ મેહુલ ચોક્સીની ભારત પ્રત્યાર્પણ વિરુદ્ધની અરજીને ફગાવી દીધી છે.

બેલ્જિયમની કોર્ટે મેહુલ ચોક્સીની દલીલોને નબળી ગણાવતા સ્પષ્ટ કર્યું હતું કે પ્રત્યાર્પણ રોકવા માટે ચોક્સી પાસે કોઈ કાનૂની કે તથ્યાત્મક આધાર નથી. કોર્ટે જણાવ્યું કે પ્રત્યાર્પણની આ પ્રક્રિયા ભારતીય કાયદાઓ અને યુરોપિયન માનવાધિકાર ધોરણોને અનુરૂપ છે. આ સાથે કોર્ટે મેહુલ ચોક્સી પર ૧૦૪ યુરોનો દંડ પણ ફટકાર્યો છે.



ચોક્સીએ દાવો કર્યો હતો કે જો તેને ભારત મોકલવામાં આવશે તો તેને ન્યાયથી વંચિત રાખવામાં આવશે અથવા અમાનવીય વ્યવહાર કરવામાં આવશે. જોકે, કોર્ટે નોંધ્યું કે આ જોખમો સાબિત કરવા માટે ચોક્સી દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજો અપૂરતા છે. ચોક્સીએ એન્ટિગુઆથી તેના કથિત અપહરણના પ્રયાસો અને મીડિયા કવરેજ જેવી બાબતોને રજૂ કરીને ભારતમાં નિષ્પક્ષ સુનાવણી ન મળવાની દલીલ કરી હતી, જેને કોર્ટે ફગાવી દીધી હતી.

## રવિવારથી તીવ્ર ઠંડીનો રાઉન્ડ શરૂ

આજે રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-ગુજરાતમાં મોટા ભાગનાં સ્થળોએ સવારનું તાપમાન ફરી ૨ થી ૩ ડિગ્રી ઉંચકાતા ઠંડીમાં રાહત અનુભવાઇ હતી. જોકે નલિયા, અમરેલી અને ડિસામાં તિવ્ર ઠંડીનો અનુભવ થયો હતો. ઉલ્લેખનીય બાબત એ છે કે, આજરોજ નલિયા કરતા અમરેલીમાં વધુ ઠંડી અનુભવાઇ હતી. આજે સવારે નલિયામાં ૧૩.૮ તો અમરેલીમાં ૧૨.૬ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. તેમજ રાજકોટમાં પણ ૩ ડિગ્રીનાં વધારા સાથે આજે સવારે ૧૬.૯ ડિગ્રી મીનીમમ તાપમાન નોંધાયુ હતુ તથા પોરબંદરમાં ૧૭.૨, વેરાવળમાં ૧૯.૫, અમદાવાદમાં ૧૫.૪, વડોદરામાં ૧૩.૨, ભાવનગરમાં ૧૫.૬, ભુજમાં ૧૫.૨, દમણમાં ૧૭.૨, ડિસામાં ૧૨.૯, દિવમાં ૧૬.૪, દ્વારકામાં ૧૯.૭, ગાંધીનગરમાં ૧૪ ડિગ્રી ઉપરાંત કંડલામાં ૧૭.૫ અને ઓખામાં ૨૦.૭ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતું. દરમ્યાન હવામાન વિભાગનાં જણાવ્યા મુજબ આજે ફરી પવન પૂર્વ દિશામાંથી ફુંકાતા ઠંડી ઘટી છે. જોકે તા.૨૧ને રવિવારથી તા.૩૧ સુધી રાજકોટ સહિત સર્વત્ર તિવ્ર ઠંડીનો માહોલ રહેશે અને લોકો કડકડતી ઠંડીનો અનુભવ કરશે. આ ઉપરાંત જામનગર શહેરમ લઘુતમ તાપમાનમાં છેલ્લા ૨૪ કલાકમાં અડધા ડિગ્રીના વધારા સાથે પારો ૧૬.૫ ડિગ્રી રહ્યો હતો.

## દિલ્હીમાં વાયુપ્રદુષણ ખતરનાકઃ વિઝીબીલીટી ઘટતા અનેક ફ્લાઈટ રદ



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પાટનગર દિલ્હીમાં સતત પાંચમા દિવસે પ્રદુષણ અને ધુમ્મસની ચાદર વચ્ચે વિઝીબીલીટી અત્યંત ખરાબ રહેતા વિમાની સેવાથી માંડીને માર્ગ પરિવહન પ્રભાવીત રહ્યું હતું. સંખ્યાબંધ ફલાઈટો રદ કરી દેવામાં આવી હતી અથવા મોડી પડી હતી.

દિલ્હી એરપોર્ટ પર વિઝીબીલીટી ૧૦૦ મીટર કરતા પણ ઓછી થતા વિમાની વ્યવહારને અસર થઈ હતી. ધીમેધીમે દ્રશ્યસ્થિતિ વધવા લાગતા હાલત નોર્મલ થવા લાગી હતી.

દિલ્હી એનસીઆરમાં માર્ગ પરિવહનને પણ ગંભીર અસર થઈ હતી અને વાહન ચાલકોને ભારે પરેશાનીનો સામનો કરવો પડયો હતો. વાહનોમાં હેડલાઈટ તથા ઈન્ડીકેટર સતત ચાલુ રાખવાની હાલત સર્જાઈ હતી.

દરમ્યાન કેન્દ્રીય પ્રદુષણ બોર્ડનાં રીપોર્ટ પ્રમાણે આનંદવિહાર જેવા વિસ્તારોમાં પ્રદુષણ ઈન્ડેકસ ૪૦૦ થી અધિક હતો. અન્ય અનેક વિસ્તારોમાં અત્યંત ખરાબની શ્રેણીમાં છે. જહાંગીરપુરી જેવા વિસ્તારમાં પ્રદુષણ આંક ૫૦૦ સુધી પહોંચી ગયો હતો.

## આનંદો... નવા વર્ષથી સીએનજી-પીએનજીનાં ભાવ ઘટશે !

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નવું વર્ષ સારી ખબર લઈને આવી રહ્યું છે. ૧ જાન્યુઆરી ૨૦૨૬ થી સીએનજી અને ઘરેલુ પાઈપ્ડ નેચરલ ગેસ પીએનજીનાં ભાવ ઘટી શકે છે. સીએનજીની કિંમતમાં બેથી અઢી રૂપિયા ઘટી શકે છે.પેટ્રોલીયમ અને પાકૃતિક ગેસ નિયામક બોર્ડ (પીએનજીઆરબી)એ પાકૃતિક ગેસ અને પરિવહન ચાર્જને સરળ અને તર્કસંગત બનાવવાનો નિર્ણય કર્યો છે.

અત્યાર સુધી ગેસ પરિવહન ચાર્જને અંતરના હિસાબે ત્રણ ભાગમાં વહેંચવામાં આવ્યો હતો.હવે તેને બે ઝોનમાં વહેંચવામાં આવ્યો છે. આ પહેલા ૨૦૦ કિલોમીટરથી ૧૨૦૦ કિલોમીટર સુધી ચાર્જ ૪૨ થી લઈને ૧૦૭ રૂપિયા હતો.

તેને ઘટાડીને હવે ૫૪ રૂપિયા કરી દેવાયો છે. આ ટેરિફ એકીકરણનો લાભ દેશમાં કાર્યરત ૪૦ સીટી ગેસ ડિસ્ટ્રીબ્યુશન કંપનીઓ અંતર્ગત આવનારા ૩૧૨ ભૌગોલીક ક્ષેત્રોના ગ્રાહકોને મળશે.





રાષ્ટ્રીય પેન્શન યોજના (એનપીએસ)નાં રોકાણકારોને મોટી રાહત મળી છે હવે બિન સરકારી એનપીએસ ખાતા ધારકોએ એન્યુટી એટલે કે પેન્શન પ્લાનમાં માત્ર ૨૦ ટકા રકમ લગાવવી પડશે. બાકી ૮૦ ટકા રકમ લમ્પસમ અથવા હપ્તામાં કાઢી શકાશે.

અગાઉ બિન સરકારી એનપીએસ રોકાણકારો માટે ૪૦ ટકા રકમ પેન્શન યોજના પ્લાનમાં જમા કરવાની જવાબદારી હતી. હવે પેન્શન પ્લાનમાં ૨૦ ટકા રકમ નાખવાની સુવિધા તેમને મળશે જેમણે કમ સે કમ ૧૫ વર્ષ એનપીએસમાં પૂરા કર્યા હોય.

## સ્વર્ણિમ જયંતિ અંતર્ગત વિકાસ કાર્યોના ચેકનો સ્વીકાર કરતા મનપાના પદાધિકારીઓ

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વવાળી રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરતા રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારનાશહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારારાજ્યની નગરપાલિકાઓ તથા મહાનગરપાલિકાઓના શહેરી વિકાસના કામો માટે મુખ્યમંત્રના વરદ હસ્તે ચેક વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.જે અંતર્ગત રાજ્યની નગરપાલિકા/મહાનગરપાલિકાઓને શહેરી વિકાસના કામો માટે તા.૧૭/૧૨,બુધવારના રોજ માન.મુખ્યમંત્રીના વરદ હસ્તે રૂ.૨૮૦૦ કરોડના ગ્રાંટના ચેક વિતરણકરવાના કાર્યક્રમનું ઔડા ઓડિટોરિયમ, શેલા, અમદાવાદખાતે આયોજન કરવામાં આવેલ.

અમદાવાદ ખાતેઆયોજિત શહેરી વિકાસના કામો માટે ગ્રાંટના ચેક વિતરણકરવાના આ સમારોહમાં રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, શાસકપક્ષ નેતા લીલુબેન જાદવ, નાયબ મ્યુનિસિપલ કમિશનર મહેશ જાની, પી.પી.પટેલ ઉપસ્થિત રહેલ હતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે ચેકનો સ્વીકાર કરવામાં આવેલ.

ગુજરાત સરકાર દ્વારા રાજ્યના મહાનગરોમાં માળખાકીય સુવિધાઓને વેગ આપવા માટે હાથ ધરવામાં આવેલા વિશેષ અભિયાન હેઠળ વર્ષ ૨૦૨૫ને 'શહેરી વિકાસ વર્ષ' તરીકે ઉજવવામાં આવી રહ્યુ છે ત્યારે રાજકોટ શહેરને વધુ સ્માર્ટ, સસ્ટેનેબલ અને ફ્યુચર રેડી બનાવવા માટે માન. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ દ્વારા 'સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' અંતર્ગત રાજકોટ શહેરના વિવિધ વિકાસ કામો માટે અંદાજે રૂ.૧૯૫/- કરોડની ગ્રાંટની રકમનો ચેક રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓને આપવામાં આવ્યો.

## ભારત અને ઓમાન વચ્ચેની મિત્રતા દરેક ઋતુમાં મજબૂતઃ વડાપ્રધાન મોદી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

૧૮ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ઓમાનમાં જનતાને સંબોધન કર્યું. તેમણે કહ્યું કે ઓમાન અને ભારત વચ્ચેની મિત્રતા અતૂટ છે. સમય જતાં તે વધુ મજબૂત બની છે.

૧૮ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ ઓમાનની મુલાકાતે આવેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, ''સમુદ્રના મોજા બદલાય છે... ઋતુઓ બદલાય છે... પરંતુ ભારત-ઓમાન મિત્રતા દરેક ઋતુ સાથે વધુ મજબૂત બને છે. તે દરેક ઋતુ સાથે નવી ઊંચાઈઓ સુધી પહોંચે છે.''

પીએમ મોદીએ વધુમાં કહ્યું હતું



કે, ''આજે આપણે ઐતિહાસિક નિર્ણયો લેવા જઈ રહ્યા છીએ, જેના પડઘા વર્ષો સુધી સંભળાશે. આપણો સંબંધ વિશ્વાસના પાયા પર બંધાયેલો છે. આજે આપણા રાજદ્વારી સંબંધોના ૭૦ વર્ષ પૂરા થયા છે. આપણા બંને દેશો વચ્ચેનો સંબંધ મજબૂત બન્યો છે. ભારત અને ઓમાન વચ્ચેની મિત્રતા દરેક ઋતુ સાથે વધુ મજબૂત બને છે.''

## ઈડીની રાંચીમાં મોટી કાર્યવાહીઃ ૩૦૭ કરોડના કૌભાંડમાં Maxizone Touchના ડાયરેક્ટર સહિત પત્નીની કરી ધરપકડ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઈડીની રાંચી ઝોનલ ટીમે મેસર્સ મેક્સિઝોન ટચ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર ચંદ્ર ભૂષણ સિંહ અને તેમની પત્ની પ્રિયંકા સિંહની આશરે ૩૦૭ કરોડના મોટા મલ્ટી-લેવલ માર્કેટિંગ કૌભાંડમાં ધરપકડ કરી છે. બંનેની ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ PMLA હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. ઈડીના જણાવ્યા મુજબ, આ કેસમાં સામાન્ય લોકો સાથે મોટી રકમની છેતરપિંડી કરવાનો સમાવેશ થાય છે.

તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીઓએ છેતરપિંડીભર્યું MLM સ્કીમ ચલાવી હતી, જેમાં લોકોને ઊંચા માસિક વળતર અને રેફરલ્સ માટે નોંધપાત્ર લાભોના વચનો આપીને લલચાવ્યા હતા. આ સ્કીમ દ્વારા, ૩૦૭ કરોડથી વધુ રકમ ૨૧ અલગ-અલગ બેંક ખાતાઓમાં જમા કરવામાં આવી હતી. આ સમગ્ર રકમ ગેરકાયદેસર રીતે એકત્રિત કરવામાં આવી હતી, જેને ઈડીએ ગુનાની આવક તરીકે વર્ણવી છે.





ઈડીની તપાસમાં એ પણ બહાર આવ્યું છે કે બંને આરોપીઓ પૈસા ભેગા કર્યા પછી ફરાર થઈ ગયા હતા. તેઓ લગભગ ત્રણ વર્ષ સુધી પોલીસ અને તપાસ એજન્સીઓથી જાણી જોઈને બચી ગયા હતા. આ સમય દરમિયાન, ઝારખંડ, રાજસ્થાન અને આસામની પોલીસે તેમની શોધ ચાલુ રાખી. એવો આરોપ છે કે એકત્રિત ભંડોળનો ઉપયોગ બેનામી મિલકતો ખરીદવા, તેને રોકડમાં રૂપાંતરિત કરવા અને વિવિધ માધ્યમો દ્વારા છુપાવવા માટે કરવામાં આવ્યો હતો. ધરપકડથી બચવા માટે, આરોપીઓ નકલી ઓળખ કાર્ડનો ઉપયોગ કરતા હતા, દીપક સિંહ જેવા નામ પણ ધારણ કરતા હતા અને વારંવાર તેમના સ્થાનો બદલતા હતા.

# રાજ્યના ૨,૨૮,૫૦૪ ખેડૂતોને પીએમ-કુસુમ યોજનાનો લાભ મળ્યો



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાતમાં ૨૦૨૨-૨૩ પછીના છેલ્લાં ચાર વર્ષમાં પ્રધાનમંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજના હેઠળ ફાળવવામાં આવેલા ભંડોળમાં ૨૮૪૩% નો જંગી વધારો જોવા મળ્યો છે. તદુપરાંત, અત્યાર સુધીમાં ગુજરાતમાં કુલ ૨,૨૮,૫૦૪ ખેડૂતોને આ યોજનાનો લાભ મળ્યો છે. આ માહિતી નવીન અને પુનઃપ્રાપ્ય ઉર્જા અને ઉર્જા રાજ્ય મંત્રી શ્રીપદ યેસો નાઈકે ૧૬ ડિસેમ્બર, ૨૦૨૫ ના રોજ રાજ્યસભામાં સાંસદ પરિમલ નથવાણી દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં ઉપલબ્ધ બનાવી હતી.

પીએમ-કુસુમ યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા છેલ્લા ચાર વર્ષમાં કુલ રૂ. ૬૩૯૨.૯૮ કરોડ ફાળવવામાં આવ્યા છે, જેમાં ૨૦૨૨-૨૩માં રૂ. ૮૦૧.૩૬ કરોડ, ૨૦૨૩-૨૪માં રૂ. ૯૯૬.૩૩ કરોડ, ૨૦૨૪-૨૫માં રૂ. ૨,૫૬૪.૧૪ કરોડ અને ૨૦૨૫-૨૬માં (૩૦ નવેમ્બર ૨૦૨૫ સુધી) રૂ. ૨,૦૩૧.૧૫ કરોડનો સમાવેશ થાય છે. આ જ સમયગાળામાં ગુજરાતને કુલ રૂ. ૩૨૬.૯૨ કરોડ ફાળવવામાં આવ્યા છે, જેમાં ૨૦૨૨-૨૩માં રૂ. ૭.૮૩ કરોડ, ૨૦૨૩-૨૪માં રૂ. ૨૮.૭૨ કરોડ, ૨૦૨૪-૨૫માં રૂ. ૫૯.૯૫ કરોડ અને ૨૦૨૫-૨૬માં રૂ. ૨૩૦.૪૨ કરોડનો સમાવેશ થાય છે.

નથવાણીએ પ્રધાનમંત્રી કિસાન ઉર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (PM-KUSUM) યોજના હેઠળ ફાળવવામાં આવેલા ભંડોળની વિગતો અને યોજનાની શરૂઆતથી અત્યાર સુધીના લાભાર્થીઓની કુલ સંખ્યા વિશે જાણકારી માંગી હતી.

મંત્રીના નિવેદન મુજબ, ઘટક- હેઠળ, ખેડૂતો સૌર ઉર્જા અપનાવવા માટે સક્ષમ બને છે અને 'અન્નદાતા'ની સાથે 'ઉર્જાદાતા' પણ બને છે તથા તેમની આવકમાં વધારો કરે છે. ખેડૂતો તેમની જમીન સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવા માટે ભાડે આપી શકે છે અને વર્ષે હેક્ટર દીઠ રૂ. ૮૦,૦૦૦ સુધીની કમાણી કરી શકે છે. ઘટક-A હેઠળ કાર્યરત થયેલા પ્લાન્ટ્સ માટે સરેરાશ મધ્યમ આવક પ્રતિ મેગાવોટ મહિને રૂ. ૪.૫ લાખ છે.

મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે ઘટક-B હેઠળ, હાલના ડીઝલ પંપને સોલાર પંપથી બદલવામાં આવે છે. પ્રતિ દિવસ ૪.૬ લિટર (૫ હોર્સપાવરના પંપ માટે)ના વપરાશ અને ડીઝલના આશરે રૂ. ૮૭/લિટરના વર્તમાન ભાવને ધ્યાનમાં લેતાં, ખેડૂત એક વર્ષ કરતા ઓછા સમયમાં ખર્ચ વસૂલ કરી શકે છે. જેના પરિણામે ખેડૂતોને ડીઝલ ખર્ચમાં વાર્ષિક ઓછામાં ઓછા રૂ. ૬૦,૦૦૦ની બચત થાય છે. મંત્રીએ જણાવ્યું હતું કે, ઘટક-C હેઠળ ખેડૂતો સોલાર પ્રોજેક્ટ સ્થાપવા માટે જમીન ભાડે આપીને એકરે વાર્ષિક રૂ. ૨૫,૦૦૦ કમાઈ શકે છે.

પીએમ-કુસુમ એ માંગ-આધારિત (ડિમાન્ડ ડ્રિવન) યોજના છે. રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશો દ્વારા પ્રાપ્ત થયેલી માંગ અને દર્શાવેલી પ્રગતિના આધારે ક્ષમતાઓ ફાળવવામાં આવે છે. પીએમ-કુસુમ યોજના હેઠળ ભંડોળ પ્રાપ્ત થયેલી માંગ, (સ્ટેટ ઈમ્પ્લીમેન્ટેશન એજન્સીઝ) દ્વારા અહેવાલ કરાયેલી પ્રગતિ અને યોજનાની માર્ગદર્શિકાની જોગવાઈઓ મુજબ ફાળવવામાં આવે છે.

# ગીર ગઢડા ખાતે દિવ્યાંગતાનું સર્ટીફીકેટ મેળવવા માટેનો કેમ્પ યોજાયો

ગીર ગઢડા તાલુકાના દિવ્યાંગ બાળકનો સર્ટિફિકેટ કેમ્પમાં કુલ - ૧૮૩ લાભાર્થીઓ એ કેમ્પનો લાભ લીધો

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ગીર ગઢડા તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ જિલ્લા ભાજપ અનુ જાતિ મોરચાના જિલ્લા પ્રમુખ પ્રવીણ સાંખટ એ કેમ્પનુ નિરીક્ષણ કરી દૂર ગામડે થી આવેલા દિવ્યાંગો ને નાસ્તાની વ્યવસ્થા પૂરી પાડી હતી ગીર સોમનાથ જિલ્લાના દરેકે દરેક તાલુકાના લોકોને દિવ્યાંગતા સર્ટીફીકેટ તાલુકા સેન્ટર ઉપરથી મળી રહે તે હેતુ માટે દરેક તાલુકામાં કેમ્પનું આયોજન કરવામાં આવેલું હતુંજે અંતર્ગત ગીર ગઢડા તાલુકામાં ગીરગઢડા બીઆરસી ભવન ખાતે સવારના ૧૦ થી બપોરના ૨૦૦વાગ્યા સુધી કેમ્પ યોજાયો હતો આ કેમ્પમાં માનસિક, હાડકા તેમજ આંખના તજજ્ઞનો આવ્યા હતા આ કેમ્પમાં ૬૦% થી વધારે દિવ્યાંગતા નું સર્ટિફિકેટ મેળવનાર લાભાર્થીને સરકાર તરફથી દર મહિને ૧,૦૦૦ પેન્શન તેમજ સરકારના વિવિધ લાભો મળે છે જેથી ગીર ગઢડા તાલુકામાં આવતા દિવ્યાંગ ભાઈ બહેનોને આ કેમ્પનો લાભ લીધો હતો તેમજ ગીર ગઢડા તાલુકા પંચાયત પ્રમુખ પ્રતિનિધિ પ્રવીણ ભાઈ સાંખટ એ કેમ્પ નું નિરીક્ષણ કર્યુ હતું અને દૂર ગામડે થી આવેલા દિવ્યાંગો ને નાસ્તાની વ્યવસ્થા કરાવી હતી આ કેમ્પ મા જિલ્લા આઇડી કોઓડીનેટર બાબુ ભાઈ રાઠોડ ગીર ગઢડા કોઓડીનેટર જેસિંગ ભાઈ ચુડાસમા ગીર ગઢડા આઇડી સ્ટાફ સમાજ સુરક્ષા કચેરી નો સ્ટાફ તેમજ વેરાવળ સિવિલ હોસ્પિટલ નો સ્ટાફ હાજર રહ્યો હતો.

# સ્વીફ્ટમાંથી ૪૦૦ લીટર દેશી દારૂ ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરમાં નૂરી ચોકડી પાસે રેઢી મળી આવેલી સ્વીફ્ટરમાંથી ૪૦૦ લીટર દેશી દારૂ ઝડપાયો છે. મોટર, દેશી દારૂ કબજે કરી પોલીસે મોટરના ચાલક, માલિકની શોધ શરૂ કરી છે.જામનગરની નૂરી ચોકડી પાસે એક મોટરમાં દેશી દારૂનો જથ્થો લઈ જવાતો હોવાની બાતમી સિટી એ ડિવિઝનના જમાદાર આર.એ. જાડેજા, ડી.એન. જાડેજાને મળતા પીઆઈ એન.એ. ચાવડાને વાકેફ કરાયા પછી પોલીસ કાફલો વોચમાં ગોઠવાયો હતો.તે દરમિયાન મોરકંડા રોડ પરથી આવેલી જીજે-૧૮-બીડી ૮૦૮૦ નંબરની સ્વીફ્ટ મોટરના સગડ મળ્યા હતા. કમાન્ડ એન્ડ કંટ્રોલના સીસીટીવી ફૂટેજ ચકાસણી સગડ દબાવાતા આ મોટર નુરી ચોકડી પહેલા અન્નપૂર્ણા મંદિર તથા કાળકા માતાના મંદિર તરફ ગઈ હોવાનું ખૂલ્યું હતું. ત્યાં પહોંચેલી પોલીસને મોટર મળી આવી હતી. તેનો ચાલક મોટર રેઢી મૂકી નાસી ગયો હતો.

પોલીસે મોટરની તલાશી લેતા તેમાંથી બાચકામાં દેશી દારૂની ભરેલી કોથળીઓ મળી આવી હતી. પોલીસે ૪૦૦ લીટર દેશી દારૂ તથા રૂ.૩ લાખની મોટર કબજે કરી મોટરના ચાલક-માલિકની શોધ શરૂ કરી છે.

# વાંકાનેર મેસરીયા ગામમાં ડમ્પર નહિ ચલાવવાના વિવાદમાં યુવાન અને તેના ભાઈ ઉપર લોખંડના પાઈપ-ધોકાથી હુમલો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના મેસરીયા ગામે ગામમાં ડમ્પર દ્વારા કરવામાં આવેલ અકસ્માત મુદ્દે ગામમાંથી ડમ્પર નહિ ચલાવવા બાબતે થયેલ માથાકૂટનો ખાર રાખી યુવાન અને તેના ભાઈ ઉપર બોલેરો ગાડીમાં આવેલા પાંચ જેટલા શખ્સોએ લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે હુમલો કર્યો હતો. આ ઘટનામાં યુવાનને હાથ-પગમાં ઈજાઓ પહોંચતા વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં પાંચ આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ છે.

વાંકાનેર તાલુકાના મેસરીયા ગામે રહેતા વિવેકભાઈ વિનુભાઈ કેશાભાઈ ભુસડીયા ઉવ.૨૦ વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં આરોપી લોકુમભાઈ કાઠી, કાળુભાઇ કાઠી બાંબે રહે.મેસરીયા ગામ તથા આરોપી હરેશભાઇ રહે.રંગપર તા.વાંકાનેર તેમજ દોલુભાઈ અને અજાણ્યો એક ઈસમ એમ કુલ પાંચ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ત્રણેક દિવસ અગાઉ ફરિયાદીના નાનીમાને ગામના રોડ પર ડમ્પર ચાલક દ્વારા અકસ્માત થવાથી સામાન્ય ઈજા પહોંચી હતી. ત્યારબાદ ગામના રોડ પર ડમ્પર ચલાવવાની ના પાડતા આરોપી લોમકુભાઈ કાઠી સાથે બોલાચાલી થઈ હતી. આ બાબતે આરોપીએ મનદુખ રાખી ફરીયાદી તથા તેનો ભાઈ રિક્ષામાં મોરબી જઈ રહ્યા હતા તે દરમ્યાન ગારીડા ગામ પાસે ગાત્રાળ હોટલ નજીક બોલેરો ગાડીમાં આવેલા આરોપી કાળુભાઈ કાઠી, હરેશભાઈ, દોલુભાઈ તથા એક અજાણ્યા ઈસમે રિક્ષા અટકાવી ફરિયાદીને નીચે ઉતાર્યો હતો. બાદમાં તમામ આરોપીઓએ લોખંડના પાઈપ અને લાકડાના ધોકા વડે ફરીયાદીને આડેધડ માર માર્યો હતો. આ હુમલામાં ફરીયાદીને હાથ અને પગમાં ઈજાઓ પહોંચી હતી. હાલ વાંકાનેર તાલુકા પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગીર ગઢડા ગામે વ્હેલ માછલીની ઉલ્ટી (એંબરગ્રીસ) જેવા પદાર્થ સાથે ચાર ઈસમોને પકડી પાડતી પોલીસ

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



ગીરગઢડા પોલીસ સ્ટાફના માણસોની ટીમ બનાવી ગીરગઢડા પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાતે દરમ્યાન પો.કોન્સ અવિરાજસિંહ ગંભીરસિંહ રાઠોડ નાઓને મળેલ બાતમી આધારે ગીરગઢડા ગામ દ્રોણ ચોકડી પાસે એક કાળા કલરની ફોરચ્યુનર ફોર વ્હીલર કારમાંથી શંકાસ્પદ વ્હેલ માછલીની ઉલ્ટી (એબરગ્રીસ) જેવો પદાર્થ સાથે નીચે જણાવેલ આરોપીઓને પકડી અને ગીરગઢડા પોલીસ સ્ટેશન ખાતે ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા કલમ ૩૫(૧)(ઈ),૧૦૬ મુજબ કાયદેસરની કાર્યવાહી કરી સદરહું બનાવ વન વિભાગના કાર્યક્ષેત્રને લગત હોય જેથી વધુ તપાસ અર્થે ગીર પુર્વ વન વિભાગ ધારી, જસાધાર રેન્જને સોંપી આપેલ છે.

# જામનગરના ત્રિમંદિર ખાતે જિલ્લા કક્ષાની પશુપાલન શિક્ષણ શિબિર અને પ્રદર્શન યોજાયું



**મુખ્ય સમાચાર, જામનગર**

પશુપાલન શાખા, જિલ્લા પંચાયત,દ્વારા શહેરના ત્રિમંદિર ખાતે , ધ્રોલ અને જોડિયા તાલુકાની જિલ્લા કક્ષાની પશુપાલન શિક્ષણ શિબિર કમ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ગુજરાત વેટરનરી કાઉન્સિલના પ્રમુખ ડો. ભગીરથ પટેલ, જિલ્લા પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટીના ડો. કિરીટ પટેલ તેમજ જિલ્લા પશુપાલન અધિકારી ડો. તેજસ શુક્લા સહિત ત્રણેય તાલુકાની પશુપાલન ટીમ ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમ દરમિયાન પશુપાલન ખાતાના તાંત્રિક તજજ્ઞો દ્વારા ૩૦૦થી વધુ પશુપાલકોને પશુપાલન થકી સમૃદ્ધિ, આધુનિક પશુપાલન પધ્ધતિઓ, રોગ નિવારણ અને સરકારની વિવિધ સહાયકારી યોજનાઓ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ પ્રસંગે મહાનુભાવોના વરદ હસ્તે પશુપાલન ખાતાની યોજનાના ૪ લાભાર્થીઓને કુલ રૂ. ૧.૫૬ લાખની સહાયની રેપ્લિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ શિબિરમાં પશુપાલકોની જાણકારી માટે વિવિધ માહિતીસભર પ્રદર્શન સ્ટોલ પણ મૂકવામાં આવ્યા હતા, જેની તમામ પશુપાલકોએ મુલાકાત લીધી હતી. આ ઉપરાંત પશુપાલકોને જિલ્લામાં ચાલતી પ્રાણી ક્રૂરતા નિવારણ સોસાયટી વિશે માહિતી આપી, વિભાગના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ ફોલો કરવા અનુરોધ કરાયો હતો જેથી તેઓ પશુપાલન ક્ષેત્રની નવીનતમ માહિતીથી માહિતગાર રહે. આ સમગ્ર કાર્યક્રમ થકી પશુપાલકોને પોતાની આવક વધારવા અને પશુપાલન વ્યવસાયને વધુ ઉન્નત બનાવવા માટે ઉપયોગી જ્ઞાન પ્રાપ્ત થયું હતું.

# ટંકારામાં નશાકારક ગોગો સ્ટીક તથા રોલીંગ પેપરનુ વેંચાણ કરતા બે ઈસમોને ઝડપી લેતી એસઓજી ટીમ




**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં ગેરકાયદેસર રીતે નશાકારક ગોગો સ્ટીક તથા રોલીંગ પેપરનુ વેંચાણ કરતા બે ઈસમોને એસઓજી પોલુસ ટીમ દ્વારા ઝડપી લેવામાં આવ્યા છે, આ સાથે પકડાયેલ બન્ને વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

મોરબી પોલીસ અધિક્ષકની સુચના અન્વયે પોલીસ ઈન્સ્પેક્ટર મોરબી એસ.ઓ.જી. દ્વારા ગેરકાયદેસર નશાકારક ગોગો સ્ટીક તથા રોલીંગ પેપરનુ વેંચાણ થતુ અટકાવવા માટે ગુજરાત સરકારના જાહેરનામાંની અમલવારી કરી, આવી ગેરકાયદેસર પ્રવૃતિ આચરનાર ઈસમો વિરૂદ્ધ અસરકારક કાર્યવાહી કરવા જણાવેલ હોય જે આધારે એસ.ઓ.જી. સ્ટાફને મળેલ બાતમી હકીકત આધારે ટંકારા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રેઈડ કરતા ગેરકાયદેસર પ્રવૃતિ સાથે સંકળાયેલ બે ઇસમો (૧)એજાજભાઈ ગનીભાઈ જુણાય ઉ.વ.૩૫ રહે. મેમણશેરી ટંકારા તથા (૨)ઈકબાલભાઈ આદમભાઈ માડકીયા ઉવ.૫૧ રહે. સંધીવાસ ટંકારા વાળાને ઝડપી લેવામાં આવ્યા હતા, આ સાથે એસઓજી પોલીસ ટીમે આરોપીઓ પાસેથી નશાકારક ગોગો સ્ટીક નંગ-૫૧ તથા રોલીંગ પેપર નંગ- ૨૫ જપ્ત કરી બન્ને આરોપીઓ વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતા હેઠળ ટંકારા પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજીસ્ટર કરાવી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

આ સાથે મોરબી જીલ્લા પોલીસે જીલ્લાની તમામ જાહેર જનતાને પ્રજાજોગ સંદેશ આપતા જણાવ્યું છે કે, આવી નશાકારક ચીજવસ્તુના સેવનથી દુર રહેવુ તેમજ આવી કોઇ ગેરકાયદેસર પ્રવૃતિ આલના જાણમાં આવે તો નજીકના પોલીસ સ્ટેશનને જાણ કરી આવી ગેરકાયદેસર પ્રવૃતિ અટકાવવાના ઝુંબેશમાં સહભાગી થવા અપીલ કરવામાં આવી છે.

# જામનગર જિલ્લાના પ્રભારી સચિવ અનુપમ આનંદના અધ્યક્ષસ્થાને જિલ્લાના વિકાસ કામોની સમીક્ષા બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર જિલ્લાના પ્રભારી સચિવ અનુપમ આનંદના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી ખાતે વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળના વિવિધ વિકાસ કામોની સર્વગ્રાહી સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠક દરમિયાન પ્રભારી સચિવએ તાલુકા તથા ગ્રામ્ય કક્ષાના મહત્વના વિકાસ કાર્યો કોઈપણ પ્રકારના વિલંબ વગર પૂર્ણ થાય તે રીતે કામગીરી હાથ ધરવા સ્પષ્ટ નિર્દેશો આપ્યા હતા.તેમણે ખાસ જણાવ્યું હતું કે જન કલ્યાણના કામોને સર્વોચ્ચ અગ્રતા આપી તેને નિર્ધારિત સમયમર્યાદામાં પૂર્ણ કરવા જોઈએ, સાથે જ અધિકારીઓને સમયાંતરે ફિલ્ડ વિઝીટ કરી કામગીરીની રૂબરૂ ચકાસણી કરવા અને દરેક કચેરીઓમાં પડતર કામગીરીનો સત્વરે નિકાલ કરવા સૂચના આપી હતી.

બેઠકમાં પ્રભારી સચિવશ્રીએ જિલ્લાના ચાલુ, પડતર તેમજ આગામી સમયમાં હાથ ધરાનાર વિવિધ વિકાસ કામો અને યોજનાકીય અમલવારી અંગે ઝીણવટભરી જાણકારી મેળવી હતી.આ તકે જિલ્લા કલેકટર કેતન ઠક્કર, મ્યુનિસિપલ કમિશનર ડી.એન. મોદી તથા જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ દ્વારા પ્રભારી સચિવ સમક્ષ પ્રેઝન્ટેશનના માધ્યમથી જિલ્લાની યોજનાકીય વિગતો રજૂ કરવામાં આવી હતી.

આ બેઠકમાં આસિસ્ટન્ટ કલેકટર સ્વપિનલ સિસલે તથા અદિતિ વાર્ષને, ઇ.ચા. નિવાસી અધિક કલેકટર બ્રિજેશ કાલરીયા, સર્વે પ્રાંત અધિકારીઓ, મામલતદારઓ સહિત સંકલન સમિતિના તમામ ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મોરબીના યુવાનો માટે યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા ફ્રી ફિટનેસ ટ્રેનિંગ કેમ્પ, લશ્કરી-પોલીસ ભરતી માટે સશક્ત તૈયારી

**મુખ્ય સમાચાર, મોરબી**



મોરબી જીલ્લાના યુવાનો અને યુવતીઓ માટે યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા લશ્કરી, અર્ધલશ્કરી તથા લોકરક્ષક દળ (પોલીસ) ભરતીને ધ્યાનમાં રાખી ફ્રી ફિટનેસ ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરાયું છે. ફિઝિકલ ફિટનેસ, શિસ્ત અને આત્મવિશ્વાસ વિકસાવવાનો મુખ્ય ઉદ્દેશ ધરાવતા આ કેમ્પથી અગાઉ અનેક યુવાનો વિવિધ ભરતીમાં સફળ થયા છે. પાત્ર યુવાનોને રજીસ્ટ્રેશન કરીને આ સુવર્ણ તકનો લાભ લેવા અપીલ કરવામાં આવી છે.

મોરબી જીલ્લાના યુવાનો અને યુવતીઓ માટે લશ્કરી, અર્ધલશ્કરી તેમજ લોકરક્ષક દળ (પોલીસ)માં જોડાવાની એક મહત્વપૂર્ણ તક યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા ઉપલબ્ધ કરવામાં આવી રહી છે. આવનારી સરકારી ભરતી પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને યુવાનો ફિટનેસના અભાવે પાછળ ન રહી જાય તે હેતુસર યંગ ઈન્ડિયા ગ્રુપ દ્વારા ફ્રી ફિટનેસ ટ્રેનિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટ્રેનિંગ કેમ્પનો ઉદ્દેશ માત્ર ભરતી પરીક્ષાની તૈયારી પૂરતો સીમિત નથી, પરંતુ યુવાનોમાં શિસ્ત, આત્મવિશ્વાસ, દેશપ્રેમ તથા મજબૂત જીવનદૃષ્ટિ વિકસાવવાનો પણ છે. ઘણી વખત યુવાનોમાં જુસ્સો અને ક્ષમતા હોવા છતાં યોગ્ય માર્ગદર્શન અને શારીરિક ફિટનેસના અભાવે તેઓ પસંદગીથી વંચિત રહી જાય છે, જેને દૂર કરવા માટે યંગ ઇન્ડિયા ગ્રુપ સતત પ્રયાસશીલ રહ્યું છે.

કેમ્પ દરમિયાન વર્ષોના અનુભવ ધરાવતા નિષ્ણાત કોચ દ્વારા રનિંગની યોગ્ય પદ્ધતિ, સ્ટેમિના વધારવાની રીત, યોગ્ય આહાર વ્યવસ્થા તેમજ શારીરિક અને માનસિક ફિટનેસ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવશે. અગાઉ યોજાયેલા આવા ટ્રેનિંગ કેમ્પમાંથી અંદાજે ૪૦ જેટલા યુવાનો વિવિધ લશ્કરી અને પોલીસ ભરતીમાં સફળ થયા હોવાનો દાવો કરવામાં આવ્યો છે, જે મોરબી માટે ગૌરવની બાબત છે. યંગ ઈન્ડિયા ગ્રુપના મેન્ટોર દેવેન રબારીએ જણાવ્યું હતું કે, ''લશ્કરી કે પોલીસ દળમાં જોડાવું એ ફક્ત નોકરી નહીં પરંતુ દેશસેવાની પ્રતિજ્ઞા છે. આજના યુવાનો જો પોતાની ફિટનેસ અને શિસ્ત પર મહેનત કરશે તો આવતીકાલે તેઓ દેશ અને સમાજ માટે ગૌરવ બનશે. આ ટ્રેનિંગ કેમ્પ યુવાનોના સપનાઓને યોગ્ય દિશા આપવાનો પ્રયાસ છે.''

આ કેમ્પમાં જોડાવા ઈચ્છુક તમામ સમાજના યુવાનો અને યુવતીઓને પોતાનું પૂરું નામ, સરનામું તથા કઈ ભરતી માટે તૈયારી કરવી છે તેની માહિતી તારીખ ૨૨/૧૨/૨૦૨૫ સુધીમાં વોટ્સએપ દ્વારા મોકલવાની રહેશે અને આપવામાં આવેલી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. સંપર્ક સૂત્ર (ભાઈઓ માટે) દિલીપ દલસાણીયા- મોબાઇલ ૮૦૦૦૮ ૨૭૫૭૭, સંપર્ક સૂત્ર (બહેનો માટે) કાજલબેન ચંડીભમર મોબાઇલ ૯૮૨૫૪ ૮૮૭૩૩ તથા અલ્કાબેન દવે મોબાઇલ ૮૯૦૫૮ ૭૭૧૯૦ ઉઓર સંપર્ક કરવાનો રહેશે. અંતમાં યંગ ઇન્ડિયા ગ્રુપ દ્વારા મોરબીના તમામ યુવાનોને આહ્વાન કરવામાં આવ્યું છે કે તેઓ આ ફ્રી ટ્રેનિંગ કેમ્પનો પૂરતો લાભ લઈ પોતાના સપનાઓને સાકાર કરે અને દેશસેવામાં આગળ વધે.

# શહીદ ગણેશભાઈ પરમારના પરિવારને મોરબી જીલ્લા કોંગ્રેસ દ્વારા આર્થિક સહાય અર્પણ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના દલવાડી સમાજના યુવાન અને ભારતીય સેનામાં ફરજ દરમિયાન શહીદ થયેલા સ્વ. ગણેશભાઈ પરમારના પરિવારની મુલાકાત લઈ સાત્વના આપી મોરબી જીલ્લા કોંગ્રેસ પરિવાર દ્વારા રૂ. ૭૫,૦૦૦/-ની આર્થિક સહાય આપવામાં આવી હતી.

મોરબીના દલવાડી સમાજના યુવાન સ્વ. ગણેશભાઈ પરમાર ભારતીય સેનામાં ફરજ બજાવતા શહીદ થયા હતા, ત્યારે શહીદના પરિવારને સાંત્વના આપવા અને સહાયરૂપ થવા મોરબી જીલ્લા કોંગ્રેસ પરિવાર દ્વારા તા. ૧૬ ડિસેમ્બરના રોજ રાત્રીના આગેવાનો અને કાર્યકરો શહીદ ગણેશભાઈ પરમારના નિવાસસ્થાને પહોંચ્યા હતા. તેમણે પરિવારજનોની મુલાકાત લઈ સાંત્વના પાઠવી અને આ દુઃખની ઘડીએ કોંગ્રેસ પરિવાર તેમની સાથે છે તેવી ભાવના વ્યક્ત કરી શહીદના પરિવારને રૂ. ૭૫,૦૦૦/- જેટલી રકમની આર્થિક સહાય અર્પણ કરવામાં આવી હતી.

# માળીયા(મી)ના કાજરડા ગામે પારિવારિક ઝઘડામાં છરી-ધારિયાથી હુમલો, પાંચ સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) તાલુકાના કાજરડા ગામે અગાઉ દીકરી રિસામણે આવ્યાનું મનદુઃખ રાખી ઉગ્ર ઝઘડો થતા છરી અને ધારિયા જેવા હથિયારો વડે હુમલો થયો હોવાનો બનાવ સામે આવ્યો છે. આ ઘટનામાં વૃદ્ધ મહિલા સહિત બે વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચતા માળીયા(મી) પોલીસ મથકમાં પાંચ આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા તથા જી.પી.એક્ટ મુજબ ફરિયાદ નોંધાઈ છે.

માળીયા(મી) તાલુકાના કાજરડા ગામે રહેતા અસગરભાઈ અલાઉદીનભાઈ બાબરીયા ઉવ.૨૪ દ્વારા પોલીસમાં ફરીયાદ આપવામાં આવી છે. જેમાં ફરીયાદી અસગરભાઈના કાકા આમદભાઈની દીકરીના લગ્ન ફરીયાદીની ફઈ શેરબાનુબેનના દીકરા સિકદર સાથે થયેલા હતા. લગ્ન બાદ પતિ-પત્ની વચ્ચે મનમેળ ન રહેતા યુવતી પીયર આવી ગઈ હતી અને બાદમાં સિકદરે બીજા લગ્ન કરી લીધા હતા. આ બાબતે બંને પક્ષોમાં લાંબા સમયથી મનદુખ ચાલતું હતું અને પરસ્પર બોલચાલ બંધ હતી. તાજેતરમાં ફરીયાદીની ફઈ અને તેનો દીકરો સિકંદર કાજરડા ખાતે ઉર્ષમાં આવ્યા હતા અને તે સમયે તેઓ ફરીયાદીની દાદી રહીમાબેન જુસબભાઈ બાબરીયાના ઘરે ગયા હતા. આ મુદ્દે આરોપી સારબાઈ દોસમહમદભાઈ બાબરીયા અને આરોપી રેશમા સુલતાનભાઈ જેડા દ્વારા ફરીયાદીની દાદી સાથે બોલાચાલી કરી ઝઘડો કરવામાં આવ્યો હતો. આરોપી સારબાઈએ દાદીને ધક્કો મારી નીચે પાડી દીધા હતા જ્યારે આરોપી રેશમાએ ધોકા વડે આંખના ભાગે માર મારી ઈજા પહોંચાડી હતી.

આ દરમિયાન આરોપી દોસમહમદ જુસબભાઈ બાબરીયાએ ફરીયાદીને પેટના ભાગે છરીનો ઘા માર્યો હતો. ઉપરાંત હસનભાઈ ઉપર આરોપી સલેમાન ઉર્ફે ડાડો દોસમહમદ બાબરીયાએ છરી વડે પેટમાં એક ઘા અને પીઠના ભાગે બે ઘા મારી ગંભીર ઈજાઓ કરી હતી, જ્યારે આરોપી જાનમહમદ ઉર્ફે જાનો દોસમહમદ બાબરીયાએ ધારિયા વડે હસનભાઈની હાથની હથેળીમાં ઈજા પહોંચાડી હતી. આ હુમલામાં શરીરના અન્ય ભાગોમાં પણ નાની-મોટી ઈજાઓ થઈ હોવાનું ફરીયાદમાં જણાવાયું છે. હાલ માળીયા(મી) પોલીસે આ તમામ પાંચેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબીમાં પેઢી ઉભી કરી સાયબર ફ્રોડના રૂ. ૯૨ લાખથી વધુના નાણા સગેવગે કરતા બે સામે ફરિયાદ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં ''જે.ડી. એન્ટરપ્રાઇઝ'' નામની પેઢી ઉભી કરી સાયબર ફ્રોડ અને છેતરપીંડીથી મેળવેલ રૂ. ૯૨.૮૮ લાખની રકમ બેંક ખાતાઓ મારફતે સગેવગે કરવામાં આવી હોવાનો ગંભીર મામલો સામે આવ્યો છે. આ બાબતે બે આરોપીઓ સામે બી ડિવિઝન પોલીસ મથકમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાયો છે.

મોરબી શહેરમાં સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરવા માટે પેઢી ઉભી કરી પૂર્વ આયોજનબદ્ધ કાવતરું રચવામાં આવ્યું હોવાનો ગંભીર ગુનો બહાર આવ્યો છે. આ અંગે મોરબી બી ડિવિઝન પોલીસ મથકમાં બે આરોપીઓ જેમાં (૧)ઈસ્માઇલ હુસેનભાઇ કટીયા ઉવ.૩૨ રહે. મચ્છીપીઠ જુના બસ સ્ટેશન પાસે મોરબી તથા (૨)દિવ્યરાજસિંહ રાજેન્દ્રસિંહ જાડેજા ઉવ.૨૫ રહે. અનંતનગર શેરી નં.૨ ઉમા ટાઉનશીપની બાજુમાં મોરબી-૨ વાળા બંનેએ સાથે મળીને પોતાના આર્થિક ફાયદા માટે સાયબર ફ્રોડ અને છેતરપીંડીથી મેળવેલ નાણાં સગેવગે કરવાની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલુ રાખી હતી. આરોપી ઈસ્માઇલ હુસેનભાઇ કટીયાના નામે ''જે.ડી. એન્ટરપ્રાઇઝ'' નામની પેઢી ખોલાવી અને તેના નામે અલગ-અલગ બેંકોમાં એકાઉન્ટો ખોલવામાં આવ્યા હતા. આ એકાઉન્ટોમાં આરોપી દિવ્યરાજસિંહ જાડેજા તથા તેના સાગરિતોએ સાયબર ફ્રોડ અને છેતરપીંડીથી મેળવેલ કુલ રૂ. ૯૨,૮૮,૮૦૨/- ની રકમ તા. ૨૫/૦૩/૨૦૨૫ થી તા. ૩૦/૦૫/૨૦૨૫ દરમિયાન જમા કરાવી હતી. બાદમાં આ રકમ એ.ટી.એમ. તથા ચેક મારફતે ઉપાડી સગેવગે કરવામાં આવી હતી. બેંક એકાઉન્ટ ધારક આરોપી ઈસ્માઇલને કમિશનની લાલચ આપી તેના તમામ દસ્તાવેજો અને બેંક કિટ આરોપી દિવ્યરાજસિંહ પાસે રાખવામાં આવી હતી. આ રીતે તમામ આરોપીઓએ ગુનાહિત સિન્ડિકેટ બનાવી સાયબર ફ્રોડ અને છેતરપીંડી આચરી આર્થિક લાભ મેળવ્યો હતો. હાલ બી ડિવિઝન પોલીસે બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ ચલાવી છે.

# વાંકાનેરમાં જુગાર રમતા બે શખ્સો ઝડપાયા

વાંકાનેર સીટી પોલીસ મથક ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળી કે, લક્ષ્મીપરા માતમ ચોકમાં હનીફભાઈ રવાણી અને હાજીભાઈ રવાણી વર્લી ફીચર્સના આંકડાનો જુગાર રમી રમાડતા હોય, જે બાતમીને આધારે પોલીસે ઉપરોક્ત સ્થળે રેઈડ કરતા જ્યાં વર્લી ફીચર્સના આંકડા લખી પૈસાની હારજીતનો જુગાર રમતા રમાડતા આરોપી હનીફભાઈ ગફારભાઈ રવાણી ઉવ.૪૬ અને હાજીભાઈ ગફારભાઈ રવાણી ઉવ.૫૩ બંન્ને રહે. લક્ષ્મીપરા નતાં ચોક વાંકાનેરવાળા બંને આરોપીને પોલીસે રંગેહાથ ઝડપી લીધા હતા, રેઈડ દરમિયાન પકડાયેલ બંને આરોપીઓ પાસેથી પોલીસે બે નંગ મોબાઈલ કિ.રૂ.૧,૦૦૦/- તથા રોકડા રૂ.૩૩,૯૦૦/- સહિત રૂ.૩૪,૯૦૦/-નો મુદ્દામાલ કબ્જે લઈ બન્ને આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# એન્જી એક્સ્પો ૨૦૨૫નું રાજકોટમાં ફરી એકવાર આયોજન

## ૧૭મા એન્જી એક્સ્પો ૨૦૨૫ ઉદ્યોગકારો, ઉત્પાદકો, વેપારીઓ, સ્ટાર્ટઅપ્સ તથા ટેકનિકલ પ્રોફેશનલ્સ માટે બિઝનેસની વિશાળ તકો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતના સૌથી મોટા ઔદ્યોગિક અને એન્જિનિયરિંગ પ્રદર્શનોમાંના એક ગણાતા એન્જી એક્સ્પો ૨૦૨૫નું રાજકોટમાં ફરી એકવાર આયોજન થવા જઈ રહ્યું છે. એન્જિનિયરિંગ અને ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્ટ્સ માટે ખાસ ડિઝાઈન કરાયેલો ૧૭મા એન્જી એક્સ્પો ૨૦૨૫ ઉદ્યોગકારો, ઉત્પાદકો, વેપારીઓ, સ્ટાર્ટઅપ્સ તથા ટેકનિકલ પ્રોફેશનલ્સ માટે બિઝનેસની વિશાળ તકો લઈને આવી રહ્યો છે.

એન્જી એક્સ્પો ૨૦૨૫નું આયોજન ૨૧ થી ૨૪ ડિસેમ્બર દરમિયાન રાજકોટના આજી વિસ્તાર NSIC ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવ્યું છે. પ્રદર્શન દરરોજ સવારે ૧૦ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી ખુલ્લું રહેશે.

આ પ્રદર્શનમાં મશીન ટૂલ્સ, ઈન્ડસ્ટ્રીયલ મશીનરી, ઓટોમેશન અને રોબોટિક્સ, વેલ્ડિંગ અને કટીંગ, પાવર તથા હેન્ડ ટૂલ્સ, ઈલેક્ટ્રિકલ અને ઈલેક્ટ્રોનિક્સ, સેફ્ટી પ્રોડક્ટ્સ, મટીરીયલ હેન્ડલિંગ, કન્સ્ટ્રક્શન, સોલાર, પ્લાસ્ટિક, પેકેજિંગ, IT, ફાઈનાન્સ, એગ્રીકલ્ચર, ઓટોમોબાઈલ પાર્ટ્સ, કાસ્ટિંગ અને પ્રિસિઝન એન્જિનિયરિંગ સહિતના અનેક ક્ષેત્રોની અદ્યતન ટેકનોલોજી અને નવીન ઉત્પાદનો રજુ કરવામાં આવશે.

એન્જી એક્સ્પોના CEO અને Founder અંબાલાલ ભંડારકર તથા Project Head કુણાલ વરમોરાએ જણાવ્યું હતું કે, આ એક્સ્પોમાં ૨૦૦થી વધુ સ્ટોલ્સ દ્વારા ૩૦૦૦થી વધુ પ્રોડક્ટ્સ પ્રદર્શિત કરવામાં આવશે. એક્સ્પોમાં પ્રવેશ સંપૂર્ણપણે નિઃશુલ્ક રહેશે અને માત્ર નોંધણી જરૂરી રહેશે.

આ પ્રદર્શન ઉદ્યોગકારો, બિઝનેસ ઓનર્સ અને સ્ટાર્ટઅપ શરૂ કરવા ઈચ્છુક લોકો માટે ઉત્પાદકો, સપ્લાયર્સ, ટ્રેડર્સ અને ટેકનોલોજી લીડર્સ સાથે સીધો સંપર્ક સાધવાની ઉત્તમ તક પૂરું પાડશે. અંદાજે ૫૦,૦૦૦થી વધુ મુલાકાતીઓ ચાર દિવસીય આ પ્રદર્શનમાં હાજરી આપશે.

# રાજકોટ રેલવે ડિવિઝનમાં પેન્શનરોની સમસ્યાઓનું ઝડપી નિરાકરણઃ પેન્શન અદાલતનું સફળ આયોજન

## પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન પર તાજેતરમાં પેન્શન અદાલતનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પેન્શનર અને ફેમિલી પેન્શનરો પાસેથી અગાઉથી જ અરજીઓ મંગાવવામાં આવી હતી, જેના પર જરૂરી કાર્યવાહી કરવામાં આવી હતી. કુલ ૨૪ કેસ પ્રાપ્ત થયા હતા, જે તમામ કેસોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન રાજકોટ ડિવિઝનના એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર કૌશલ કુમાર ચૌબે દ્વારા ઉપસ્થિત તમામ પેન્શનરો અને પેન્શનર એસોસિએશનના પ્રતિનિધિઓને ખાતરી આપવામાં આવી હતી કે માત્ર પેન્શન અદાલત દરમિયાન જ નહીં, પરંતુ સામાન્ય કામકાજના દિવસોમાં પણ પેન્શનરોની સમસ્યાઓ પર પૂરતું ધ્યાન આપવામાં આવશે તથા કાર્મિક વિભાગ અને એકાઉન્ટ્સ વિભાગ દ્વારા હંમેશા પૂરો સહયોગ આપવામાં આવશે.

આ વખતની પેન્શન અદાલતમાં આશરે ૨૮ વરિષ્ઠ નાગરિકો/તેમના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા અને સૌહાર્દપૂર્ણ રીતે પેન્શન અદાલત સંપન્ન થઈ હતી.

આ અવસરે સિનિયર ડિવિઝનલ પર્સનલ ઓફિસર અમૃત સોલંકી, ડિવિઝનલ ફાઈનાન્સ મેનેજર પવન કુમાર મીના, આસિસ્ટન્ટ પર્સનલ ઓફિસર કે. કે. દવે, વેલ્ફેર ઈન્સ્પેક્ટરોની ટીમ, એસ્ટાબ્લિશમેન્ટ સેટલમેન્ટ સેક્શન અને એકાઉન્ટ્સ વિભાગ (પેન્શન) ની ટીમના કર્મચારીઓ હાજર રહ્યા હતા અને પેન્શન અદાલતને સફળ બનાવી હતી.

# કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા માટે રાજકોટ જિલ્લાના કુલ ૨,૪૧,૪૬૬ અસરગ્રસ્ત ખેડૂતોની અરજીઃ કુલ ૨,૩૯,૨૧૫ અરજીઓની ચકાસણી પૂર્ણ

## રાજકોટ જિલ્લામાં અસરગ્રસ્ત ખેડૂતોને કુલ રૂ. ૬૬૫ કરોડથી વધુની રકમ ટ્રાન્સફર, અન્ય અરજીઓની ચકાસણી પ્રક્રિયા સતત શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કમોસમી વરસાદને કારણે અસરગ્રસ્ત ખેડૂતોને ટેકો પૂરો પાડવા રાજ્ય સરકાર દ્વારા કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવ્યું હતું. આ અન્વયે પાક નુકસાની સહાયનો લાભ મેળવવા માટે રાજકોટ જિલ્લામાં કુલ ૨,૪૧,૪૬૬ ખેડૂતોએ અરજી કરી છે. જે પૈકી તા.૧૭ ડિસેમ્બર એટલે કે, આજદિન સુધીમાં ૨,૩૯,૨૧૫ અરજીઓની ચકાસણીની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે.

રાજકોટ જિલ્લામાં અસરગ્રસ્ત ખેડૂતોને કુલ રૂ. ૬૬૫ કરોડથી વધુની રકમ ડી.બી.ટી મારફતે સીધી અરજદાર ખેડૂતના આધારલિંક બેંક ખાતામાં જમા કરવામાં આવી છે. જ્યારે અન્ય ખેડૂતોની અરજી ચકાસણી પ્રક્રિયા સતત શરૂ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, કૃષિ રાહત પેકેજનો લાભ લેવા માટે રાજકોટ જિલ્લામાં તમામ ગ્રામ પંચાયતમાં જોગવાઈ મુજબ વી.સી.ઈ. મારફતે નુકસાનગ્રસ્ત ખેડૂતોની અરજીઓ મેળવવાની કામગીરી તા.૧૪/૧૧/૨૦૨૫થી શરૂ થઈ હતી.

આ રાહત પેકેજ અન્વયે જિલ્લાના તમામ અસરગ્રસ્ત ૬૫૨ ગામ આવરી લેવામાં આવ્યા છે. અરજદાર તરફથી રજૂ થયેલા સાધનિક પુરાવા અને વિગતોની ચકાસણીની કામગીરી ગ્રામસેવક અને તાલુકાનાં કર્મયોગીઓ દ્વારા કરવામાં આવી રહી છે. રાજકોટ જિલ્લામાં હાલના તબક્કે ૯૯ ટકાથી વધુ અરજીઓની ચકાસણી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. હાલ અન્ય અરજીઓની ચકાસણીની કામગીરી દિવસ રાત સતત શરૂ છે. જેમ જેમ અરજી ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થશે તેમ ત્વરાએ પાક નુકસાની સહાય પેકેજની રકમ ખેડૂતોના બેંક ખાતામાં ડી.બી.ટી મારફતે સીધી જ જમા કરવામાં આવશે. તેમ રાજકોટ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

વિશેષમાં જે ખેડૂતમિત્રોને આધાર સીડીંગ કરાવવાનું બાકી હોય તેઓને પોતાના બેંક ખાતાને આધાર કાર્ડ સાથે લીંક કરાવી આધાર સીડીંગ અને ડીબીટી એનેબલ કરાવી લેવા જિલ્લા ખેતીવાડી અધિકારીની કચેરી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. જેથી સહાયના નાણાં સરળતાથી ખેડૂતના ખાતામાં જમા થઈ શકે.

# માળીયા(મી)ના ચાચાવદરડા પાસે હિટ એન્ડ રનની ગોઝારી ઘટના, ટ્રક કન્ટેનરની ઠોકરે પગપાળા જતા ચારનાં મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) તાલુકાના ચાચાવદરડા ગામ નજીક માળીયા-જામનગર હાઈવે પર હિટ એન્ડ રનની ઘટનામાં પગપાળા દ્વારકા જઈ રહેલા ચાર યાત્રાળુઓનાં મોત નિપજ્યાં છે, જ્યારે એક વ્યક્તિને ગંભીર ઈજાઓ પહોંચી છે. અજાણ્યા ટ્રક કન્ટેનર ચાલકે બેદરકારીપૂર્વક વાહન ચલાવી અકસ્માત સર્જી સ્થળ પરથી ફરાર થયો હતો. પોલીસ દ્વારા સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધી, નાસી ગયેલા ટ્રક કન્ટેઈનર ચાલકને પકડી લેવા તપાસ શરૂ કરી છે.

માળીયા તાલુકાના ચાચાવદરડા ગામ નજીક માળીયા-જામનગર સ્ટેટ હાઈવે પર હૃદયદ્રાવક હિટ એન્ડ રનની ઘટના સર્જાઈ છે. દ્વારકા દર્શન માટે પગપાળા જઈ રહેલા યાત્રાળુઓના સંઘ પર એક ટ્રક કન્ટેનરે બેફામ ગતિએ આવી ચડાવી દેતાં ચાર લોકોનાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યાં હતા, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો હતો. જે અકસ્માત અંગે ફરિયાદી નરસંગભાઈ સગથાભાઈ ચૌધરી ઉવ.૫૧ રહે. નવાદિયોદર તા. દિયોદર જી. વાવ-થરાદ દ્વારા નોંધાયેલી ફરિયાદ મુજબ તેઓ કુલ ૧૩ યાત્રાળુઓનો સંઘ પગપાળા દ્વારકા દર્શન માટે નીકળ્યો હતો. ત્યારે તા. ૧૬/૧૨/૨૦૨૫ના રોજ સાંજે માળીયા તાલુકાના સરવડ ગામે રાત્રી રોકાણ કર્યા બાદ ગઈકાલે તા. ૧૭/૧૨/૨૦૨૫ના રોજ વહેલી સવારે આશરે સાડા છ વાગ્યાના સમયે માળીયા-જામનગર હાઈવે પર શિવમ હોટલ અને પેટ્રોલ પંપ સામે રોડની સાઈડમાં પગપાળા ચાલતા હતા. તે દરમિયાન પાછળથી આવતા ટ્રક કન્ટેનર નં. જીજે-૧૨-બીવી-૯૬૪૯ (આગળ સફેદ અને પાછળ બ્લ્યુ કલરનું પુરઝડપે અને બેદરકારીપૂર્વક આવી યાત્રાળુઓને હડફેટે લીધા હતા. અકસ્માત બાદ કન્ટેનર ચાલક વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ ઘટનામાં ફરિયાદી નરસંગભાઈને માથા સહિત હાથ-પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમને પહેલા મોરબી સરકારી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

આ ગોઝારા અકસ્માતમાં હાર્દીકભાઈ માલાભાઈ ચૌધરી ઉવ.૩૦, દિલીપભાઈ રાયાભાઈ ચૌધરી (ઉવ.૨૮, અમરાભાઈ લાલજીભાઈ ચૌધરી ઉવ.૬૨ તથા ભગવાનજીભાઈ લાલજીભાઈ ચૌધરી ઉવ.૬૮)ને ગંભીર ઈજાઓ થતા તેમનાં મોત નિપજ્યાં હતા. આ બનાવ અંગે માળીયા(મી) પોલીસે આરોપી કન્ટેઈનર ચાલક વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫, ૨૮૧, ૧૨૫(૧), ૧૨૫(૨) તથા મોટર વાહન અધિનિયમની કલમ હેઠળ ગુનો નોંધી, આરોપી ટ્રક કન્ટેનર ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# મોરબીમાં ગૃડા હેઠળ અનધિકૃત બાંધકામના નિયમિતકરણની અરજીના સમય મર્યાદામાં વધારો

## આ સાથે મોરબીમાં હોટલો-શાળાઓની SOP મુજબ કડક ચકાસણી

**મુખ્ય સમાચાર, મોરબી**

રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અંઓથોરાઈઝ્ડ ડેવલોપમેન્ટ એક્ટ-૨૦૨૨ (GRUDA) અંતર્ગત અનધિકૃત બાંધકામના નિયમિતકરણ માટે અરજીઓ કરવાની સમયમર્યાદામાં વધારો કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. વહીવટી તથા તકનિકી કારણોસર અગાઉ અરજી ન કરી શકેલા નાગરિકોને હવે વધુ એક તક મળશે. આ સાથે મોરબી મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા શહેરની હોટલો અને શાળાઓમાં SOP મુજબ વ્યાપક ચકાસણી હાથ ધરાઈ છે. જેમાં નિયમોનો ભંગ જણાશે ત્યાં તબક્કાવાર કાયદેસર કાર્યવાહી કરાશે.

મોરબી મહાનગરપાલિકા ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે રાજ્ય સરકારના નિર્ણય મુજબ ગૃડા-૨૦૨૨ હેઠળ અનધિકૃત બાંધકામ નિયમિતકરણ માટે અરજી કરવાની સમયમર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. ઘણા નાગરિકો વિવિધ વહીવટી અને તકનિકી કારણોસર નિર્ધારિત સમયમર્યાદામાં અરજી કરી શક્યા ન હોવાથી જાહેરહિતને ધ્યાનમાં રાખી સરકાર દ્વારા આ નિર્ણય લેવાયો છે. આ નિર્ણયથી મોરબી શહેર સહિત રાજ્યભરના પાત્ર નાગરિકોને તેમના અનધિકૃત બાંધકામને કાયદેસર રીતે નિયમિત કરવાની અને જરૂરી દસ્તાવેજી પ્રક્રિયા પૂર્ણ કરવાની વધુ એક તક પ્રાપ્ત થશે. મોરબી મહાનગરપાલિકા દ્વારા તમામ પાત્ર અરજદારોને સૂચિત સમયમર્યાદામાં જરૂરી દસ્તાવેજો સાથે અરજી પૂર્ણ કરવા અને વધુ માહિતી માટે સંબંધિત શાખાનો સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

આ ઉપરાંત જાહેર સલામતી અને નિયમોના પાલનના હેતુસર મોરબી મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ વિભાગ દ્વારા ગત અઠવાડિયે મોરબી શહેરમાં આવેલી હોટલો તથા શાળાઓમાં સરકાર દ્વારા જાહેર કરાયેલ S.O.P. મુજબ વ્યાપક ચકાસણી કરવામાં આવી હતી. ચકાસણી દરમિયાન ઈમારતની મંજૂરી, ફાયર સેફ્ટી વ્યવસ્થા, પાર્કિંગ સુવિધા, માળખાકીય સલામતી સહિતના મહત્વપૂર્ણ મુદ્દાઓની તપાસ કરવામાં આવી હતી. આ કાર્યવાહી આગળના સમયમાં તબક્કાવાર રીતે વધુ વિસ્તૃત કરવામાં આવશે અને જ્યાં પણ સરકારના નિયમો અથવા SOPનો ભંગ જોવા મળશે ત્યાં નિયમ અનુસાર કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી સેશન્સ કોર્ટનો ચુકાદોઃ પરિણીત પ્રેમિકાને જીવતી સળગાવી દેનાર પ્રેમીને આજીવન કારાવાસ

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૧૪ માં નોંધાયેલા ગંભીર ગુનામાં મોરબી સેશન્સ કોર્ટે આરોપી શીવાભાઈ કાનજીભાઈ ભાટીને પરિણીત પ્રેમિકાને કેરોસીન છાંટી સળગાવી દેવાના કેસમાં દોષિત ઠેરવ્યો છે. કોર્ટ દ્વારા આઈ.પી.સી. કલમ ૩૦૨ મુજબ આરોપીને આજીવન કારાવાસ અને દંડની સજા ફટકારવામાં આવી છે. કેસની ટુક વિગત મુજબ, ફરીયાદી સીતાબેન મહેન્દ્રભાઈ ખચુભાઈ કરાર સાથે આરોપી શીવાભાઈ કાનજીભાઈ ભાટી રહે. વાંકાનેર વાળાને છેલ્લા એકાદ વર્ષથી પ્રેમસંબંધ હતો. ત્યારે તા.૧૩/૦૯/૨૦૧૪ના રોજ આરોપી ફરીયાદીના ઘરે જઈ તેણીને પતિ તથા બાળકોને છોડી પોતાની સાથે રહેવા આવવા દબાણ કર્યું હતું. ત્યારે આ વાત અંગે ફરીયાદીએ ઈનકાર કરતા આરોપીએ ગાળો આપી કહ્યું કે, ''જો તું મારી નહીં થાય તો તારા પતિની પણ નહીં થવા દઉં.'' તેમ કહી આરોપીએ ફરીયાદીના ઘરના રસોડામાંથી કેરોસીનનું ડબલું લઈ તેણીના આખા શરીરે કેરોસીન છાંટી મારી નાખવાના ઈરાદા સાથે દીવાસળી સળગાવી આગ ચાંપી નાસી ગયો હતો. આ ગંભીર બનાવ અંગે વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ આઈ.પી.સી. કલમ ૩૦૨, ૩૦૭ અને ૫૦૪ મુજબ ગુનો નોંધાયો હતો. કેસની તપાસ પૂર્ણ થયા બાદ આ કેસ મોરબી સેશન્સ કોર્ટમાં ચલાવવામાં આવ્યો હતો.

ત્યારે ઉપરોક્ત કેસમાં સાક્ષીઓ અને સરકારી વકીલ વિજય જાની દ્વારા કરવામાં આવેલ દલીલો બાદ મોરબીના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ અને સેશન્સ જજ શ્રીવાસ્તવે આરોપી શીવાભાઈ કાનજીભાઈ ભાટીને આઈ.પી.સી. કલમ ૩૦૨ મુજબ દોષિત ઠેરવી આજીવન કારાવાસ તથા રૂ.૩૫,૦૦૦/- દંડની સજા ફટકારી છે. દંડ ન ભરે તો વધુ બે વર્ષની સજા ફટકારવામાં આવી છે. આ કેસમાં સરકાર પક્ષે જીલ્લા સરકારી વકીલ તરીકે વિજયભાઈ જાની રોકાયેલ હતા.

# અમદાવાદમાં નાટ્ય મહોત્સવ ૫.૦ માં જામ્યો અદભુત માહોલ




**મુખ્ય સમાચાર, અમદાવાદ**

દર વર્ષની જેમ આ વર્ષે પણ અમદાવાદમાં ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે વિવેક શાહ પ્રોડક્શનના સુપર હિટ નાટકોના સુંદર નાટ્ય મહોત્સવ ૨૦૨૫ નું અદ્ભુત આયોજન તા. ૧૫ થી ૨૧ ડિસેમ્બર દરમિયાન કરવામાં આવ્યું છે.

જેમાં ગઈકાલે સસ્પેન્ડ થ્રિલર નાટક રમતની પ્રસ્તુતિ કરાઈ હતી સમગ્ર હોલ શિયાળાની ગુલાબી ઠંડી હોવા છતાં હકડેઠઠ ભરાઈ ગયો હતો તેમજ સતત તાળીઓના ગડગડાટ વચ્ચે પ્રેક્ષકોએ આ ઉત્તમ નાટકને વધાવી લીધું હતું

રોજેરોજ નવા નવા નાટકો આ નાટચોત્સવમાં પ્રસ્તુત થઈ રહ્યા છે પ્રોડક્શન હાઉસના શ્રી વિવેક શાહે જણાવ્યું હતું કે રાગિણીબેન બિપિનચંદ્ર સેવાકાર્ય ટ્રસ્ટ દ્વારા આ મહોત્સવનું આયોજન કરાયું છે જેમાં નવા નવા નાટકો અને નવોદિત કલાકારોને પ્રોત્સાહન મળી રહ્યું છે.

અન્ય અગ્રણીઓ શ્રી બકુલ પરમાર અને ચિન્મય પંડ્યા (અધિકારી)એ જણાવ્યું હતું કે દર વર્ષે અમદાવાદીઓ આ એક અઠવાડિયાના લાંબા નાટ્ય મહોત્સવની ઉજવણીમાં ભારે ઉત્સાહ સાથે જોડાતા હોય છે આ વર્ષે પણ ૨૧ ડિસેમ્બર સુધી ચાલનારા નાટ્ય મહોત્સવમાં લોકોનો અદ્ભુત પ્રતિસાદ દેખાય રહ્યો છે

# મોરબીમાં વીમા ક્લેમ મામલે ગ્રાહક અદાલતનો મહત્વપૂર્ણ ચુકાદો, વીમા કંપનીને રૂ.૪ લાખ ચુકવવાનો આદેશ



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વતનીએ બાયપાસ સર્જરી બાદ વીમા કંપનીએ રેપ્યુડ લેટર આપી ક્લેમ નામંજુર કરતા મામલો ગ્રાહક અદાલતમાં પહોંચ્યો હતો. નામદાર અદાલતે વીમા કંપનીને સેવામાં ખામી બદલ રૂ.૪.૧૯ લાખ ૬% વ્યાજ સાથે તથા રૂ. ૫ હજાર ખર્ચ ચૂકવવાનો આદેશ કર્યો છે. આ ચુકાદો ગ્રાહકોના હક્કોની રક્ષા માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

મોરબીના વતની રાજેશભાઈ હર્ષદભાઈ હીરાણીએ આદિત્ય બીરલા કેપિટલ હેલ્થ ઈન્સ્યુરન્સ પ્રા. લી.નો મેડિકલ વીમો લીધો હતો. તેઓ નિયમિત રીતે વીમાનું પ્રીમિયમ ભરતા હતા. દરમિયાન છાતીમાં તીવ્ર દુઃખાવો થતા તેમને ગુજરાતની નામાંકિત એપીક મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં નિષ્ણાત ડોક્ટર દ્વારા બાયપાસ સર્જરી કરવામાં આવી હતી. ચાર દિવસની સારવાર દરમિયાન કુલ રૂ.૪,૧૯,૩૪૬/- જેટલો ખર્ચ થયો હતો. સારવાર પૂર્ણ થયા બાદ રાજેશભાઈ દ્વારા વીમા કંપનીને તમામ જરૂરી દસ્તાવેજો, બિલો તથા સારવાર સંબંધિત કાગળો રજુ કરવામાં આવ્યા હતા. તેમ છતાં વીમા કંપનીએ ''રેપ્યુડ લેટર''ના બહાને વીમો ચૂકવવાનો ઈનકાર કર્યો હતો. આ નિર્ણયથી અસંતોષ અનુભવી રાજેશભાઈએ મોરબી શહેર/જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના પ્રમુખ લાલજીભાઈ મહેતા મારફત ગ્રાહક અદાલતમાં કેસ દાખલ કર્યો હતો.

કેસની સુનાવણી દરમિયાન નામદાર અદાલતે સ્પષ્ટ નોંધ્યું હતું કે વીમા કંપની દ્વારા ક્લેમ નામંજુર કરવો એ સેવામાં ખામી સમાન છે. સુપ્રીમ કોર્ટના ચુકાદાનો સંદર્ભ આપતાં અદાલતે જણાવ્યું હતું કે માત્ર રેપ્યુડ લેટરના આધારે વીમો નામંજુર કરી શકાય નહીં. આ આધારે અદાલતે આદિત્ય બીરલા હેલ્થ ઈન્સ્યુરન્સ પ્રા. લી.ને રાજેશભાઈ હીરાણીના સારવાર ખર્ચ રૂ.૪,૧૯,૩૪૬/- તા. ૨૨ જુલાઈ ૨૦૨૫થી ૬ ટકા વ્યાજ સાથે ચૂકવવાનો તેમજ રૂ. ૫,૦૦૦/- ખર્ચ ચુકવવાનો આદેશ કર્યો છે. આ ચુકાદા બાદ ગ્રાહક સુરક્ષા મંડળ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ગ્રાહકે પોતાના હક્કો માટે લડવું જરૂરી છે અને વીમા જેવી સેવાઓમાં અન્યાય થાય તો કાયદાકીય માર્ગ અપનાવવો જોઈએ.

# ભાયાવદર માં અરણી રોડથી ખાખીજાળીયા પુલ સુધીના મુખ્ય માર્ગ ના કામથી વેપારીયોને મુશ્કેલી



**મુખ્ય સમાચાર, ભાયાવદર**

ભાયાવદરમાં રસ્તાનું કામ ગોકળ ગતિએ થતા વેપારીઓ દ્વારા કલાક દુકાન બંધ રાખી વિરોધ નોંધાવ્યો ભાયાવદરમાં કેટલાય દિવસોથી ચાલી રહેલાં રોડ શહેરનો મુખ્ય માર્ગ તરીકે ઓળખવામાં આવે છે અને આ રોડ ૯ વર્ષ પહેલાથી જ વિવાદમાં ચાલ્યો આવે છે ત્યારે આ રસ્તાની કામગીરી ખૂબ ધિમી ગતિએ થઈ રહી હોવાથી વેપારીઓએ આજે પોતાની દુકાનો એક કલાક બંધ રાખી બાઈક રેલી યોજી હતી અને પાલિકાની કચેરીએ હલ્લાબોલ મચાવ્યો હતો. આ કામ ગોકળ ગતિથી ચાલતું હોવાથી આ વિસ્તારના વેપારીઓ ધંધા રોજગાર ઉપર મોટી અસર ઉભી થઈ હોવાથી વેપારીઓએ ૧ કલાક દુકાનો બંધ કરીને બાઈક રેલી કાઢીને પાલિકાએ હલ્લાબોલ મચાવ્યો હતો પરંતુ પાલિકાના પ્રમુખ તેમજ ચીફ ઓક્સિર અમદાવાદ ગયા હોવાથી કોઈ રજુઆત સાંભળવા વાળુ કોઈ ન હોવાથી ધરમનો ધક્કો થયો હતો. જયારે આ બાબતમાં ચીફ ઓફિસર સાથે ટેલિફોનિક વાત દરમ્યાન તેમને એવું જણાવ્યું હતું કે કોન્ટ્રાકટરને જણાવી આપું છું કે જેમ બને તેમ આ રોડની કામગીરી ઝડપી બનાવામાં આવે અને ૨૦ -૨૫ દિવસ માં આ રોડ બની જાય તેવી સુચના આપુ છુ.

# માળીયા(મી)ના ચાચાવદરડા નજીક બે ટ્રેક્ટર વચ્ચે અકસ્માત, ટ્રોલીમાંથી પડી જતા મજૂરનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

માળીયા(મી) તાલુકાના ચાચાવદરડા ગામ નજીક હાઈવે પર બે ટ્રેક્ટર વચ્ચે થયેલા અકસ્માતમાં એક મજૂરનું મોત થયું છે. આગળ જતાં ટ્રેક્ટરે અચાનક બ્રેક મારતા પાછળથી આવતા ટ્રેક્ટરના ચાલકે ફૂલ સ્પીડમાં આવી અથડાવતા ટ્રેક્ટર-ટ્રોલીમાં સૂતેલ મજૂર નીચે પડી જતા છાતીમાં તેમજ શરીરે ગંભીર ઈજા પહોચતા તેનું મૃત્યુ નીપજ્યું હતું. અકસ્માતના આ બનાવમાં મૃતકની પત્નીએ ટ્રેક્ટર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

માળીયા-જામનગર હાઈવે ઉપર ચાચાવદરડા ગામ નજીક રાત્રીના સમયે બે ટ્રેક્ટર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં એક મજૂરનું મોત થયું છે. આ અંગે મૃતકની પત્ની સુમીત્રાબેન ભુંડારામ ઉર્ફે સુરેન્દ્ર સુગનારામ પવાર ઉવ.૨૩ દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે, કે, તા. ૨૪/૧૧/૨૦૨૫ના રોજ રાત્રીના સમયે રાજસ્થાનથી ગુજરાત તરફ કુવા ખોદકામની મજૂરી માટે આવી રહેલા મજૂરો અલગ-અલગ ટ્રેક્ટરમાં મુસાફરી કરી રહ્યા હતા. સોનાલીકા ટ્રેક્ટર રજી. નં. આરજે-૫૪-આરએ-૪૭૩૦માં ફરિયાદી સુમીત્રાબેન સહિત અન્ય પરિવારજનો બેઠેલા હતા, જે ટ્રેક્ટર શેઠ કાનારામ બાવરી ચલાવી રહ્યા હતા. તેની પાછળ મેસી ટ્રેક્ટર રજી. નં. આરજે-૧૯-આરસી-૮૦૨૨ જે આરોપી ઓમપ્રકાશ ધનારામ બાવરી ચલાવી રહ્યો હતો, જે ટ્રેક્ટરની ટ્રોલીમાં ફરિયાદી સુમીત્રાબેનના પતિ ભુંડારામ ઉર્ફે સુરેન્દ્ર સુગનારામ બાવરી સૂતેલા હતા. ત્યારે ચાચાવદરડા ગામ નજીક હાઈવે રોડ પર વળાંક પાસે અચાનક એક ટ્રક સામે આવી જતા આગળના સોનાલીકા ટ્રેક્ટરના ચાલકે અચાનક બ્રેક મારવી પડી હતી. તે સમયે પાછળથી આવતું મેસી ટ્રેક્ટરના ચાલક આરોપી ઓમપ્રકાશથી સમયસર બ્રેક ન લગાવી શકતા આગળની ટ્રોલીમાં જોરદાર રીતે અથડાયું હતું. અકસ્માતમાં મેસી ટ્રેક્ટરની ટ્રોલીમાં સૂતેલા ભુંડારામ નીચે પડી ગયા હતા અને તેમને છાતી તથા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. તેમને તાત્કાલિક સરકારી હોસ્પિટલ માળીયા ખાતે લઈ જવાયા હતા, જ્યાં ફરજ પરના ડોક્ટરે જોઈ તપાસી બાદ તેમને મૃત જાહેર કર્યા હતા. હાલ માળીયા(મી) પોલીસે ટ્રેક્ટર ચાલક આરોપી ઓમપ્રકાશ ધનારામ બાવરી રહે.કાવલીયા ખુર્દ તા.જેતારણ જી.પાલી રાજસ્થાન વાળા વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રેલનગરના નાલા પાસે બાઈક અકસ્માતમાં સગીર ચાલકનું મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરમાં રૂખડીયાપરા ફાટક પાસે ફઈ સાથે રહેતો ૧૬ વર્ષનો સગીર બાઈક લઈને ચક્કર મારવા નીકળ્યો હતો ત્યારે રેલનગરના નાલા પાસે સગીરે ડ્રાઈવીંગ પરનો કાબુ ગુમાવતાં બાઈક સ્લીપ થયું હતું. જે બાઈક અકસ્માર્તમાં ઘવાયેલા સગીરનું મોત નિપજતાં પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ, રૂખડિયા પરા વિસ્તારમાં રહેતો રહેતો રાજદીપ જીતેશભાઈ નામનો ૧૬ વર્ષનો સગીર બપોરના ત્રણેક વાગ્યાના અરસામાં બાઈક લઈને રેલનગરના નાલા પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે સગીરે ડ્રાઈવીંગ પરનો કાબુ ગુમાવતાં બાઈક સ્લીપ થયું હતું. બાઈક એક્સમાતમાં ઘવાયેલા સગીરને સારવાર માટે સિવિલ હોસ્પિટલે ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વે જ મોત નિપજતાં પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. પ્રાથમિક પુછપરછમાં રાજદીપ બે બહેનોનો એકનો એક ભાઈ હતો અને તેના પિતા હયાત નથી. રાજદીપ તેના ફઈ ચંપુબેન સાથે રહેતો હતો. ફુવા અજયભાઈનું બાઈક લઈને ચક્કર મારવા નીકળતાં કાળ ખેંચી ગયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પ્ર.નગર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી નિવાસી મૂળ વવાણીયાના વતની આનંદબા પરમારનું દુઃખદ અવસાન, શુક્રવારે બેસણું




મુળ વવાણીયા હાલ મોરબી નિવાસી સ્વ. આનંદબા મદારસિંહ પરમાર (ઉવ.૮૨) તેઓ ભરતસિંહ તથા રણજીતસિંહના માતુશ્રી તથા જયવીરસિંહ, રવિરાજસિંહ તથા રૂષિરાજસિંહના દાદીમાનું તા.૧૫-૧૨-૨૫ સોમવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા.૧૯-૧૨-૨૫ને શુક્રવારે સાંજે ૪ થી ૬ અમારા નિવાસ સ્થાને રામનગર સોસાયટી, સાર્વજનીક પ્લોટ, નવલખી રોડ, મોરબી ખાતે રાખેલ છે. તેમની ઉતરક્રિયા તા.૨૫-૧૨-૨૫ ગુરૂવારે રાખેલ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક

# નવા થોરાળા વિસ્તારમાં મોડી રાત્રે અજાણી મહિલાની ચહલપહલથી લોકો ભયભીત...!




## સોસાયટીની શેરીઓમાં રાત્રે ત્રણ વાગ્યે એકલી ફરતી મહિલા અચાનક કોઇ વ્યકિત નજરે પડે તો ધુણવાનું શરૂ કરેઃ વિસ્તારમાં અનેક અફવાઓએ જોર પકડયુંઃ વીડિયો વાયરલ થતા રાત્રે મહિલાનું ભૂત ફરતું હોવાનું અફવાના કારણે બાળકો ગભરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામાકાંઠે નવા થોરાળા વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોથી મોડી રાત્રીના એક અજાણી શંકાસ્પદ મહિલાની ચહલપહલથી લોકોમાં ગભરાહટનો માહોલ જોવા મળી રહ્યો છે અને અનેક પ્રકારની અફવાઓ ફેલાઇ રહી છે. જેના કારણે વ્હેલી સવારે સ્કૂલે જતા બાળકોમાં ભયનું મોજુ ફરી વળ્યું છે.

આ ઘટના સીસીટીવી કેમેરામાં કેટલાક વિસ્તારોમાં કેદ થઇ ગઇ છે અને આ સીસીટીવી ફૂટેઝ વાયરલ થતા સમગ્ર વિસ્તારમાં લોકો ભયભીત બની અનેક અફવાઓનો સામનો કરી રહ્યા છે. નવા થોરાળા વિસ્તારમાં આવેલી સોસાયટીમાં મોડી રાત્રીના બેથી ત્રણ વાગ્યે આ મહિલા એકલી રાત્રીના ચાલીને નિકળતી સીસીટીવીમાં નજરે પડે છે અને આ મહિલા બે હાથ જોડી શેરીઓમાંથી પસાર થતી હોય છે. જયારે મોડી રાત્રીના કોઇ વ્યકિત નજરે પડે તો આ મહિલા અચાનક ધુણવા લાગતી હોય જેથી લોકો ડરીને ઘરમાં ધુસી જાય છે. આ ઘટના છેલ્લા સપ્તાહથી સોસાયટીની શેરીઓમાં બનતી હોય અને તેના સીસીટીવી ફૂટેઝ વાયરલ થતા લોકોમાં એવી અફવાઓ ઉડી છે કે, એક અજાણી શંકાસ્પદ મહિલા રાત્રીના ચોરી કરવાના ઇરાદે કે પછી કોઇને ડરાવવાના હેતુથી નિકળતી હોય તેવું લાગી રહ્યું છે. બીજી તરફ આ વિસ્તારના બાળકો આ સીસીટીવી નિહાળીયા બાદ સવારે વ્હેલા સ્કૂલે જતી વેળાએ ગભરાહટ અનુભવી રહ્યા છે અને માતા-પિતાને સ્કૂલે એકલુ જવા માટે ઇન્કાર કરતા નાછૂટકે માતા કે પિતાએ બાળકોને સ્કૂલે મુકવા સાથે જવું પડે છે.

બીજી તરફ એવી પણ અફવા આ વિસ્તારમાં ફેલાઇ છે કે, આ શંકાસ્પદ મહિલા પાસે કોઇ સ્પ્રે જેવી વસ્તુ હોય જેનાથી કોઇને બેભાન કરી ચોરી કરવા કે કોઇ બાળકનું અપહરણ કરવા આ મહિલા નીકળતી હોય તેવું માનવામાં આવી રહ્યું છે.

# રાજકમલ ફાટક પાસે ૬૮ હજારનો દારૂ ભરેલી રીક્ષા ઝડપાઈ

### ૩૮૪ બોટલ દારૂ અને રીક્ષા મળી ૨.૭૮ લાખના મુદ્દામાલ સાથે ચાલકની ધરપકડ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના ઢેબર રોડ રાજકમલ ફાટક પાસે રોડ ઉપરથી પીસીબીની ટીમે દરોડો પાડી -ઓટો રીક્ષામાંથી વિદેશી દારૂની - હેરાફેરી કરવા નીકળેલા શખ્સની ધરપકડ કરી રૂ. ૬૮,૧૬૦નો - વિદેશી દારૂ અને રિક્ષા સહીત ૨.૭૮ લાખનો મુદ્દમાલ કબજે - કર્યો હતો. મળતી વિગતો મુજબ પોલીસ કમિશ્નર બ્રજેશ કુમારના સીધા માર્ગદર્શન હેઠળ કામ કરતી પીસીબીને શહેર વિસ્તારમાં - પ્રોહીબીશનની ગેર કાયદેસર પ્રવૃતિ સદંતર નેસ્ત નાબુદ કરવા અને અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જે અન્વયે પીસીબીની ટીમ પેટ્રોલીંગમાં હતી

ત્યારે ટીમના કરણભાઈ મારૂ, યુવરાજસિંહ રાણાને મળેલ સયુંકત હકીકત આધારે ઢેબર રોડ રાજકમલ ફાટક પાસે રોડ ઉપરથી બજાજ મેક્ષીમા ઓટો રીક્ષા નંબર જી.જે.૧૧.યુ.યુ.૨૨૪૩ માંથી રૂ. ૬૮,૧૬૦ ની ૩૮૪ બોટલ વિદેશી દારૂના જથ્થા સાથે મવડી મેઇન રોડ શ્રીનાથજી સોસાયટી શેરી નં.૩માં રહેતા રોહીત રાજેશભાઇ બાબ-રીયાની ધરપકડ કરી રૂ.૨.૭૮ લાખનો મુદામાલ કબજે કર્યો હતો. પી.સી.બી. પોલીસ ઈન્સ્પેકટર એમ. આર. ગા''ડલીયા, એમ.જે.હુણ, પીએસઆઈ પી.બી.ત્રાજીયા એ.એસ.આઈ. સંતોષભાઈ મોરી, મયુરભાઈ પાલરીયા, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઈ મેતા, રાહુલગીરી ગૌસ્વામી, પો.કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઈ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઈ સોલંકી, હિરેન્દ્રસિંહ પરમારે કામગીરી કરી હતી.

# યુનિવર્સિટી રોડના જલારામ-૨માં હેતધારા એપાર્ટમેન્ટના ફ્લેટ કુટણખાનું પકડાયું

### અમદાવાદ, યુગાન્ડા, મહારાષ્ટ્રની યુવતીઓને બોલાવી કારસ્તાન ચલાવાતું હતુંઃ દારૂની બોટલ પણ મળી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં પોશ ગણાતા યુનિવર્સિટી રોડ પર જલારામ-૨માં શેરી નં.૪માં આવેલા હેતધારા કોમ્પલેક્સ ફ્લેટ નં.૧૦૧માં ધમધમતા કુટણખાના ઉપર ગાંધીગ્રામ પોલીસે દરોડો પાડી મહિલા સંચાલિકા અને દલાલની ધરપકડ કરી હતી.

આ અંગે ગાંધીગ્રામ પોલીસ મથકના પીએસઆઇ વી.ડી.રાવલિયાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે ઉપરોક્ત સ્થળે કુટણખાનું ચાલી રહ્યાની બાતમીના આધારે તેમણે ડમી ગ્રાહકને તૈયાર કરી હેતધારા એપાર્ટમેન્ટમાં મોકલ્યો હતો. મહિલા સંચાલિકા સાથે ભાવતાલ કર્યા બાદ જેવું ગ્રાહક તરફથી સિગ્નલ મળ્યું કે પોલીસે દરોડો પાડી સંચાલિકા માયા હરેશભાઈ કાકડિયા (ઉ.વ.૩૨, રહે. મવડી, મૃદ્ધ પાર્ક શેરી નં.૧, મુળ વડોદરા) અને દલાલ સુમિત ઉર્ફે શની નિલેશભાઈ રામી (ઉ.વ.૩૨, રહે.અમદાવાદ)ની ધરપકડ કરી લેવામાં આવી હતી. આ પછી ઘરની તલાશી લેતાં અમદાવાદની બે અને યુગાન્ડાની એક યુવતી પણ મળી આવી હતી. આ ઉપરાંત ચોથી યુવતી કે જે ડમી ગ્રાહક સાથે રૂમમાં હતી તે પણ મળી આવી હતી. આ યુવતી અમદાવાદથી રાજકોટ આવી હતી. અહીં ગ્રાહકો પાસેથી માયા કાકડીયા ૨૫૦૦ રૂપિયા લેતી હતી અને તેમાંથી એક હજાર રૂપિયા ભોગ બનનારને ચૂકવતી હતી. પોલીસે ફ્લેટની તલાશી લેતા એક દારૂની બોટલ પણ મળી આવી હતી.

તપાસમાં ખુલ્યા પ્રમાણે માયા કાકડિયા શહેરના અલગ-અલગ વિસ્તારમાં ફ્લેટ ભાડે રાખીને આ પ્રકારને કુટણખાનું ચલાવતી હોવાનું અને તેનો આ ગોરખધંધો ઘણા મહિનાઓથી ચાલી રહ્યાનું સામે આવ્યું હતું.

# સુલતાનપુરના મોટી ખીલોરી ગામે રૂ.૧૦.૬૫ લાખનું ગાંજાનું વાવેતર પકડાયું

### ગ્રામ્ય એસઓજીની ટીમે વાડી માલિક આહિર શખ્સની અટકાયત કરી ૨૧ કિલો ૩૦૦ ગ્રામ લીલાગાંજાના છોડનો કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુલતાનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ મોટી ખીલોરી ગામની સીમમાં ખેતરમાં વાવેલા ગાંજા જથ્થા સાથે વાડી માલિકની ગ્રામ્ય એસઓજીની ટીમે ધરપકડ કરી રૂ.૧૦.૬૪ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ગ્રામ્ય એસઓજી શાખાના પીઆઇ એફ.એ.પારગીની સુચનાથી પીએસઆઇ કે.એમ.ચાવડા, એએસઆઇ પરબતભાઇ, કોન્સ. ચીરાગભાઇ, કલ્પેશભાઇ અને નિર્મળસિંહ સહિતનો સ્ટાફ સુલતાનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ટીમને હકિકત મળી હતી કે, મોટી ખીલોરી ગામનો નિર્મળ નાથા ડેર નામના આહિર શખ્સે પોતાની માલિકીની વાડીમાં ગેરકાયદે માદક પદાર્થ ગાંજાના છોડનું વાવેતર કર્યુ હોવાની હકિકતના આધારે પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા નાનામોટા માદક પદાર્થ લીલા ગાંજાના છોડ ૨૧ કિલો ૩૦૦ ગ્રામ જેની



કિંમત ૧૦.૬૫ લાખ જથ્થો મળી આવતા પોલીસે વાડી માલિક નિર્મળ ડેરની ધરપકડ કરી ગાંજાનો જથ્થો કબ્જે કરવામાં આવ્યો છે.

# બેડી ગામ પાસે નામચીન શખ્સના ભત્રીજાએ મિત્રોનું ઉપરાણું લઈ બે રેંકડીધારકને ધોકાવ્યા



### નાસ્તો બનવામાં મોડું થતા ડખ્ખો થયોઃ શખ્સે ફોન કરતા ફોરચ્યુનરમાં આવેલા શખ્સો પાઈપ વડે તુટી પડયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અગાઉ અનેક વખત વિવાદમાં સપડાઈ ચૂકેલા સામા કાંઠે ના નામચીન શખ્સના ભત્રીજો પણ હવે કાકાના પગલે ચાલી નીકળ્યો હોય તે રીતે મિત્રોનું ઉપરાણું લઈ બે ગરીબ રેંકડીધારકની બેફામ ધોલાઈ કરી નાખતા છ શખસો સામે કૂવાડવા પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો.

આ અંગે બેડી ગામે ચામુંડા સોસાયટીમાં રહેતા અને બેડી ગામ નજીક જ મધુરમ હોસ્પિટલની સામે જય શ્રી ચામુંડા નામે દાળ પકવાનની રેંકડી ચલાવતા વિપુલ રાણાભાઈ વડેચા (ઉ.વ.૩૨) એ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તે પોતાની રેંકડીએ ઉભો હતો ત્યારે બે શખસો તેને ત્યાં નાસ્તો કરવા આવ્યા હતા. જો કે નાસ્તો બનવામાં થોડો સમય લાગી જતાં બન્ને શખસો ઉશ્કેરાઈ ગયા હતા અને વિપુલ સાથે ગાળાગાળી શરૂ કરી દીધી હતી. આ પછી બન્નેએ ફોન કરીને કોઈને ભોલાવતા જીજે૩કેએચ-૮૧૯૧ નંબરની સફેદ રંગની ફોર્ચ્યુનર કારમાં દેવશી બાબુતર અને તેની સાથે શખસો ધસી આવ્યા હતા અને તેમણે કારમાંથી પાઈપ સાથે નીચે ઉતરી વિપુલ અને તેની સાથે રહેલા એક શખસને માર મારવાનું શરૂ કરી દેતા વિપુલને ડાબા હાથમાં ફ્રેક્ચર થવું હતું. માર મારી રહ્યાનો આ વીડિયો વાયરલ થતાં ગરીબ માણસોની ધોલાઈ કરનારા દેવશી રબારી અને તેની ટોળકી ઉપર ફિટકાર વરસી રહ્યો હતો સાથે સાથે પોલીસે પણ દેવશી સહિતની શોધખોળ આદરી હતી.

# ગોગો સ્મોકીંગ કોન અને રોલીંગ પેપર્સના જથ્થા સાથે વેપારીની ધરપકડ

### ગૃહ વિભાગ દ્વારા પ્રતિબંધીત જાહેરનામું પ્રસિદ્ધ કરાતા પોલીસની કડક હાથે કાર્યવાહી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના પોલીર કમિશ્નર બ્રજેશ ઝા અધિ પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા નાયબ પોલીસ કમિશ્નર જગદીશ બાંગરવા અને મદદનીશ પોલીસ કમિશનર ભરત બી.બસીા તરફથી હાલમાં રાજયમાં રાજયમાં સગીર યુવાનો દ્વારા અલગ અલગ પ્રકારના નશાઓ જેવા કે ચરસ ગાંજાનું સેવન કરવા માટે રોલીંગ પેપર ગોગો સ્મોકીંગ કોન પરફેકટ રોલ જેવી વસ્તુઓનો ઉપયોગક રવામાં આવે છે તે પદાર્થની અંદર ટાઈટેનીયમ ઓકસાઈડ પોટેશીયમ નાઈટ્રેટ આર્ટીફીશીયલ ડાય કેલ્શીયમ કાર્બોનેટ તથા કલોરીન બ્લીચ જેવા ઝેરી પદાર્થ હોય છે. જે માનવ સ્વાસ્થ્ય માટે ખુબ હાનીકારક છે. આવા રોલીંગ પેપર ગોગો સ્મોકીંગ કોન પરફેકટ રોલ જેવી વસ્તુઓ પાન પાર્લર પરચુરણ કરીયાણાની દુકાનો તથા ચાની દુકાનદારો વિગેરે ઉપરથી મળી રહેતા હોય છે. જેના પરીણામે યુવા વર્ગમાં નશો કરવાની વૃતીમાં વધારો થાય છે. આથી રોલીંગ પેપર ગોગો સ્મોકીંગ કોન પરફેકટ રોલ જેવી વસ્તુઓ ગુજરાત રાજયમાં આવેલ પાન પાર્લર ચાની દુકાનો છુટક કરીયાણાની દુકાનો વિગેરેમાં વેચાણ ન થાય તે બાતે ગુજરાત સરકાર ગૃહ વિભાગ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કરેલ હોય જે બાબતે



ચેકીંગ હાથ ધરી કાર્યવાહી કરવા સુચના કરેલ. જે સંબધે ઓસઓજી ઈન્સ્પેકટર એસ.એમ.જાડેજાની રાહબરી હેઠળ પીએસઆઇ વી.વી.ધ્રાંગુના માર્ગદર્શન હેઠળ એસઓજી શાખાની ટીમ પેટ્રોલીંગ તેમજ ચેકીંગમાં હતી તે દરમ્યાન સંયુકત બાતમી આધારે રાજકોટ શહેર રૈયા રોડ રામેશ્વર ચોક જલારામ નાયલોન ખમણ નામની દુકાને ચેક કરતા મહેશભાઈ ધીરજલાલ રાજવીર વેરાઇ કૃપા મકાન રામેશ્વર પાર્ક શેરી નં.૩ રૈયા રોડ રાજકોટની દુકાન ખાતેથી રોલીંગ પેપર ગોગો સ્મોકીંગ કોન ફિલ્ટર ટીપ્સ કસીંગ ટ્રે વેચાણ અર્થે રાખી કુલ મુદામાલ કિંમત રૂા. ૫૮,૯૨૦ જથ્થા સાથે મળી આવતા ભારતી ન્યાય સંહીતા ૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબો ગાંધીગ્રામ-૨ પો.સ્ટમાં ગુન્હો રજીસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

# કુવાડવા પાસે રૂા.૨.૫૮ લાખના વિદેશી દારૂ ભરેલી કાર સાથે શખ્સ પકડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**



કુવાડવા રોડ પર ત્રીમંદીરની સામે પીસીબીની ટીમે બાતમીના આધારે દરોડો પાડી રૂા. ૨.૫૮ લાખના વિદેશી દારૂ ભરેલી કાર સાથે એમપીના ચાલકને પકડી લીધો હતો.

મળતી વિગત મુજબ માલીયાસણ ચોકડી નજીક એક શખ્સ કારમાં વિદેશી દારૂ સાથે ઉભો હોવાની પીસીબીના એ.એસ.આઇ. મયુરભાઇ પાલરીયા, હેડ કોન્સ. વિજયભાઇ મેતા અને કોન્સ. નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી ને બાતમી મળતા સ્ટાફ સાથે દરોડો પાડી કારમાં તલાશી લેતા કારમાં ચોરખાનામાંથી રૂા. ૨.૫૮ લાખના વિદેશી દારૂની ૫૦૦ બોટલ મળી આવતા પોલીસે ચાલક બાબુલાલ પ્રેમચંદ બીલવાલ (ઉ.વ.૩૬) (રહે. ડંગલાવાણી તડવી ફળીયા ડુંન્ગાલીવાની ગામ, મધ્ય પ્રદેશ) ને પકડી લઇ વિદેશી દારૂનો જથ્થો તથા કાર મળી રૂા. ૭,૬૩,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી કરી હતી. આ કામગીરી પીસીબીના પીઆઇ એમ. આર. ગોંડલીયા, એમ. જે. હુણા, પીએસઆઇ પી. બી. ત્રાજીયા, એ.એસ.આઇ. સંતોષભાઇ મોરી, મયુરભાઇ પાલરીયા, મહીપાલસિંહ ઝાલા, હરદેવસિંહ રાઠોડ, ઘનશ્યામસિંહ ચૌહાણ, પો. હેડ કોન્સ. કિરતસિંહ ઝાલા, કરણભાઇ મારૂ, વિરેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ રાણા, કુલદીપસિંહ જાડેજા, વિજયભાઇ મેતા, રાહુલગીરી ગૌસ્વામી, પો. કોન્સ. યુવરાજસિંહ રાણા, દેવરાજભાઇ કળોતરા, વાલજીભાઇ જાડા, નગીનભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, હિરેન્દ્રસિંહ પરમાર દ્વારા કરવામાં આવી છે.

# પડધરીના રૂપાવટી ગામે ગોડાઉનમાંથી ૧૧૯૭ બોટલ સાથે શખ્સની ધરપકડ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પડધરી તાલુકાના રૂપાવટી ગામે ગ્રામ્ય એલસીબીની ટીમે દરોડો પાડી વાડીના ગોડાઉનમાં છૂપાવેલો રૂ.૪.૨૭ લાખનો વિદેશી દારૂ સાથે ધ્રોલ તાલુકાના ગઢડા ગામના એક શખ્સને દબોચી લઇ રાજકોટના બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાની સૂચનાથી પીએસઆઇ એચ.સી.ગોહિલ તથા આર.વી.ભીમાણી, એએસઆઇ રવિદેવભાઇ બારડ, બ્રિજરાજસિંહ, રોહિતભાઇ, કોન્સ. પ્રકાશભાઇ પરમાર સહિતનો સ્ટાફ પડધરીના ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા તે દરમ્યાન ટીમને મળેલ હકિકતના આધારે રૂપાવટી ગામની સીમમાં આવેલ મુકેશ મેરૂ ઉર્ફે બાબુ મુંધવા (રહે.ગઢડા, તા.ધ્રોલ)ની કબ્જા ભોગવટાની વાડીએ દરોડો પાડતા ગોડાઉનમાંથી વિદેશી દારૂની ૧૧૯૭ બોટલ અને એક મોબાઇલ સહિત કિંમત રૂ.૪.૨૭ લાખના વિદેશી દારૂ સાથે મુકેશ મેરૂ ઉર્ફે બાબુ મુંધવાની ધરપકડ કરી વધુ તપાસ કરતા દારૂનો જથ્થો રાજકોટના રામાપીર ચોકડી પાસે રહેતો વિપુલ બાબુ ગમારા નામનો બુટલેગરનો હોવાનું ખુલવા પામતા પોલીસે વિપુલ ગમારાની શોધખોળ આદરી છે.

# પોલીસ કમિશ્નર કચેરી પાસે અજાણ્યા યુવાનનો જવલનશીલ પ્રવાહી પી આપઘાતનો પ્રયાસ

### યુવકને બેભાન હાલતમાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસ કમિશનર કચેરીના ગેઇટ પાસે અજાણયા યુવાને જલદ પ્રવાહી પી લેતા તેને બેભાન હાલતમાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો છે. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ પોલીસ કમિશનર કચેરીના ગેઇટ પાસે આજે બપોરે ૨.૧૫ વાગ્યાના અરસામાં અજાણયો યુવાન (ઉ.વ. આશરે ૩૭) વાળાએ કોઇ કારણસર જલદ પ્રવાહી પી લેતા તે બેભાન થઈ ઢળી પડયો હતો. જેથી તેને ૧૦૮ મારફત સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. હાલમાં તબીબો દ્વારા તેની સારવાર



શરૂ કરવામાં આવી છે. જો કે, તે બેભાન હાલતમાં હોય તે કોણ છે

અને શા માટે પોલીસ કમિશનર કચેરીના ગેઇટ પાસે આપઘાતનો પ્રયાસ કર્યો તે જાણી શકાયુ નથી ભાનમા આવ્યા બાદ વધુ વિગત મેળવી શકાશે આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી પ્ર.નગર પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી છે.

# ગેમઝોન અગ્નિકાંડના આરોપીનું હાર્ટ એટેકથી મોત

### વતન રાજસ્થાનમાં મોત નીપજ્યું; ૨૨ નવેમ્બરે જ જેલમાંથી છૂટ્યો હતો




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સહિત સમગ્ર દેશને હચમચાવી દેનાર ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડના આરોપી અને ગેમઝોન મેનેજર નીતિન લોઢા જામીન પર છૂટ્યાના એક મહિનો પણ ન થયો ત્યાં વતન રાજસ્થાનમાં હાર્ટ એટેકને કારણે મોત થયું છે.

નાના મવા રોડ પર આવેલા ટીઆરપી ગેમઝોનમાં ગત તારીખ ૨૫ મે, ૨૦૨૪ના ભીષણ આગ લાગતા ૨૭ નિર્દોષ લોકોના મોત થયા હતા.આ કેસમાં પોલીસે કુલ ૧૬ આરોપીઓ સામે ગુનો નોંધ્યો હતો. જેમાં ગેમઝોનના ભાગીદારો, મહાનગરપાલિકાના ટાઉન પ્લાનિંગ ઓફિસરો અને ફાયર વિભાગના અધિકારીઓનો સમાવેશ થાય છે. એક

આરોપી પ્રકાશ હીરનનું આ ઘટનામાં જ મોત થઈ ગયું હતું. લાંબો સમય જેલમાં રહ્યા બાદ આરોપી નીતિન મહાવીરપ્રસાદ લોઢા (ઉંમર ૪૧) ગત ૨૨ નવેમ્બર, ૨૦૨૫ના રોજ જ સેશન્સ કોર્ટ દ્વારા તેના જામીન મંજૂર કરવામાં આવ્યા હતા. જે બાદ તે વતન રાજસ્થાનમાં હતો.

મૃતક નીતિની લોઢા રાજકોટના યુનિવર્સી ટી રોડ પર જલારામ-૨ માં રહેતો હતો. તેને સંતાનમાં ૧ પુત્રી છે. જામીન મુક્ત થયા બાદ નીતિન રાજસ્થાનના ભીમ ગામે જતો રહ્યો હતો. જે તેનું મુળ વતન છે. ત્યાં તેને હાર્ટ એટેક આવી જતા મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. જેથી નીતિન સામેનો કેસ હવે એબેટ થવાની કાર્યવાહી પણ થવાની સંભાવના છે.